વિશ્વવિહાર

વર્ષ : 27 * અંક : 12 * સપ્ટેમ્બર 2025 * કિં. ₹ 15

ભાવિ યુદ્ધની કલ્પના

શ્રી ચંદ્રકાન્ત શેઠની પુણ્યતિથિએ 'સ્વરાંજલિ' કાર્યક્રમમાં શ્રી ચંદ્રકાન્ત શેઠનાં કાવ્યોની અમર ભટ્ટ દ્વારા સંગીતસભર પ્રસ્તુતિ

'નાટકમાં જીવન, જીવનમાં નાટક' વિશે મહેશ ચંપકલાલ

'વૈદિક જ્ઞાન (Vedic Wisdom) દ્વારા જીવનપ્રકાશ' વિશે અર્પણ યાજ્ઞિક

આ ક્યૂ આર કોડ સ્કેન કરવાથી 'વિશ્વવિહાર'માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

ભવિષ્યનું યુદ્ધ

પ્રવીણ ક. લહેરી

માનવસંસ્કૃતિના વિકાસ સાથે યુદ્ધ અંગેનાં સાધનો, વ્યૂહરચના અને તેની વિનાશકારી અસરોમાં સતત પરિવર્તન થતું રહ્યું છે. અગાઉ સાવ પ્રાથમિક સ્થિતિમાં પથ્થર, લાકડી, ડાંગ, તીર, ધારિયું, ભાલો, તલવાર જેવાં સાધનો અને ઘોડા, ઊંટ અને હાથીના સહારે ભીષણ યુદ્ધો લડાયાં હતાં. રામાયણ અને મહાભારતના યુદ્ધમાં આવાં શસ્ત્રોનું વર્ણન છે. તેનો અર્થ અમુક લોકો એવો કરે છે કે ત્યારે પણ ચોક્કસ ટૅક્નૉલૉજી સાથેના વિશાળપાયે વિનાશ વેરી શકે તેવાં શસ્ત્રો હતાં. મધ્યયુગમાં તલવાર, તોપ અને આગ લગાડે તેવાં શસ્ત્રોનો ઉપયોગ થતો હતો. આ સમયે સંરક્ષણ માટે દુર્ગમ કિલ્લાઓનું નિર્માણ કરવામાં આવતું હતું. ચાણક્યના અર્થશાસ્ત્રમાં દુર્ગો અંગે એક અત્યંત રસપ્રદ પ્રકરણ છે. અગાઉનાં યુદ્ધોમાં ભૂમિદળનું મહત્ત્વ હતું. ૧૬મી સદી બાદ સમુદ્ર અને તેના પર જતાં વહાણોની સલામતી માટે નૌસેનાની શક્તિ મહત્ત્વની હતી. વરાળયંત્રોની શોધ સાથે યુરોપના દેશોએ નૌસેનાનો વિસ્તાર કરીને દૂર-સુદૂરના પ્રદેશોમાં પોતાની હકૂમતો સ્થાપી. ૩૦૦ વર્ષથી પણ વધારે સમય દરમિયાન સંસ્થાનવાદ દ્વારા યુરોપના દેશોએ એશિયા, અમેરિકા અને આફ્રિકાના પ્રદેશોનું અકલ્પ્ય શોષણ કર્યું હતું.

વીસમી સદીમાં બે વિશ્વયુદ્ધો થયાં. પ્રથમ વિશ્વયુદ્ધ (૧૯૧૪થી ૧૯૧૯) અને દ્વિતીય વિશ્વયુદ્ધ(૧૯૩૯થી ૧૯૪૫)માં વિમાનો, સબમરીનો, ટૅન્કો જેવાં શક્તિશાળી સાધનો દ્વારા જાનમાલની ખૂબ મોટી ખુવારી થઈ. આ યુદ્ધોની ભયાનકતાથી વિશ્વમાં એક શાંતિજૂથ રચાયું. વિખ્યાત ફિલસૂફ બર્ટ્રાન્ડ રસેલે કહ્યું, ‘આપણું અસ્તિત્વ ટકાવી રાખવું હોય તો યુદ્ધ નિવારવું જ પડશે. શાંતિ દ્વારા જ માનવીઓ જીવી શકશે, સુખ માણી શકશે. દ્વિતીય વિશ્વયુદ્ધ સમાપ્ત થયાને આજે ૮૦ વર્ષ જેટલો સમય થયો. આ સમયગાળામાં ૧૫૦ જેટલાં સંઘર્ષો અને યુદ્ધો લડાતાં રહ્યાં છે. ૧૯૪૮-૪૯માં શરૂ થયેલ કોરિયન યુદ્ધ હજી આજે પણ શમ્યું નથી. ભારત-પાકિસ્તાન વચ્ચે કાશ્મીરના બહાને આતંકવાદ અને યુદ્ધનો સિલસિલો ચાલુ જ છે. દ્વિતીય વિશ્વયુદ્ધમાં જાપાને અમેરિકાના પર્લ હાર્બર પર આત્મઘાતી હુમલો કર્યો. અમેરિકાએ ૧૯૪૫ના ઑગસ્ટમાં હિરોશિમા અને નાગાસાકી શહેરો પર પરમાણુ બૉમ્બથી જે વિનાશ કર્યો, તેનાથી સૌ ચોંકી ઊઠ્યા. પરમાણુ શક્તિના વિકાસમાં જેનું પાયાનું પ્રદાન છે તેવા મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈને અફસોસ વ્યક્ત કરતાં કહ્યું; ‘મારા સંશોધનનો આવા ભયાવહ વિનાશ માટે ઉપયોગ થયો છે તેનાથી મને પારાવાર દુઃખ છે.’ અન્ય કોઈએ કહ્યું; પરમાણુ શક્તિથી જે ત્રીજું વિશ્વયુદ્ધ લડાશે, તો ચોથું વિશ્વયુદ્ધ લડવા માટે માત્ર પથ્થરો અને લાકડીઓ જ ઉપલબ્ધ રહેશે.’

ભવિષ્યમાં જે યુદ્ધો થશે તે કેવાં હશે, તેનો વિચાર કરીએ ત્યારે ‘યુદ્ધની વાર્તા રસપ્રદ

હોય છે' તે ઉક્તિને ભૂલી જઈને આપણે તેની ભયાનકતા અને વિનાશકારી અસરોનો વિચાર કરવો જરૂરી છે. જે રીતે ટૅક્નૉલૉજીનો વિકાસ થયો છે તેમાં વિનાશક શસ્ત્રોના વિકાસ સાથે આ શસ્ત્રોને સફળતાપૂર્વક આંતરીને તે લક્ષ્ય પર પહોંચે તે પહેલાં જ તોડી નાખવાની સંરક્ષણાત્મક વ્યવસ્થા પણ વિકસી રહી છે. ભવિષ્યનાં યુદ્ધોનાં લક્ષણો તપાસીએ તો આપણને શું શું સંભાવનાઓ છે તેનો અંદાજ આવી શકે,

(૧) અપ્રમાણસર શક્તિ :

યુદ્ધમાં ટૅક્નૉલૉજી મહત્ત્વની હોય છે. જે દેશો વચ્ચે યુદ્ધ થશે તેની શક્તિ સપ્રમાણ નહીં હોય. અમેરિકાએ વિયેટનામ અને અફઘાનિસ્તાનમાં જે યુદ્ધો લડ્યાં તેનાથી એક વાત સ્થાપિત થઈ છે કે આજના યુદ્ધમાં અપ્રમાણસર તાકાત ધરાવતા દેશો પણ આગવી વ્યૂહરચનાથી વધારે શક્તિશાળી દેશને હંફાવી શકે છે. યુદ્ધની ખુવારીથી મહાસત્તા પણ થાકી જાય તેવી યુદ્ધકળા વિયેટનામ અને અફઘાન પ્રજાએ દાખવી હતી. ઇઝરાયલ અને આરબો વચ્ચેના લાંબા સંઘર્ષમાં આરબો ઇઝરાયલને સતત દબાણ હેઠળ રાખી શકે છે. ઇઝરાયલના ઈરાન સાથેના યુદ્ધમાં એ હકીકત પુરવાર થઈ કે ઓછું શક્તિશાળી રાષ્ટ્ર દુશ્મનની લશ્કરી તાકાતમાં મોટો ઘટાડો કરી શકે છે.

(૨) ટૅક્નૉલૉજીનો મહત્તમ ઉપયોગ :

આજે અવકાશમાં તરતા ઉપગ્રહો દરેક સ્થળની સચોટ માહિતી આપે છે. ટૅક્નૉલૉજી દ્વારા ચોક્કસ સ્થાને સટીક હુમલા થઈ શકે છે. ક્વૉન્ટમ કેલક્યુલેશન અને નૅનો

અનુક્રમ

ભવિષ્યનું યુદ્ધ	૩	પ્રવીણ ક. લહેરી
હિમાલયમાં 'હોપ' - ચંદ્ર અને મંગળ ખેડાણનો મહાવરો	૭	ચિંતન ભટ્ટ
જાતને સુધારવા વિશે	૧૦	રતિલાલ બોરીસાગર
'સુરદાસ' અને 'રાણકદેવી' !	૧૩	કુમારપાળ દેસાઈ
સંશોધનની શોધ	૧૬	સુધા ભટ્ટ
મારું ગામ, મારી સ્કૂલ	૧૮	પ્રીતિ શાહ
એ માણસ કેમ રડી રહ્યો હતો ?	૨૦	ભારતી રાણે
મેં કરેલાં કર્મોની હું 'મજા' ભોગવું છું	૨૨	કૃષ્ણકાંત ઉનડકટ
બોલીવિજ્ઞાનના સંશોધકની વિદાય	૨૪	પિંકી પંડ્યા
બાળકો અને મોબાઇલ : એક સમસ્યા	૨૭	હર્ષ મેસવાણિયા
મહારાષ્ટ્રનું જેતવન	૩૦	હેમંત વાળા
વિશ્વકોશવૃત્ત	૩૩	—

ટૅક્નૉલૉજીથી હુમલા ખૂબ અસરકારક અને ચોક્કસ બનશે. તાજેતરના ભારત-પાકિસ્તાન અને હમાસ-ઈરાન સામે ઇઝરાયલ-અમેરિકાના હુમલાઓએ સાબિત કર્યું કે સરહદ પાર કર્યા વિના ટૅક્નૉલૉજીના ઉપયોગથી દુશ્મનની લશ્કરી તાકાત મોટા પાયે ઘટાડી શકાય છે.

(૩) વિવિધ યુદ્ધપ્રકારો :

આજ સુધી ભૂમિસેના, નૌસેના અને વાયુસેના દ્વારા યુદ્ધો લડાતાં હતાં. હવે તેમાં અવકાશવિજ્ઞાન, ઉપગ્રહો, સ્વયંસંચાલિત શસ્ત્રો, મિસાઇલ અને ડ્રૉનનો ઉપયોગ વધ્યો છે. ભવિષ્યમાં સંભવ છે કે પરમાણુયુદ્ધના બદલે અવકાશના ઉપયોગથી દુશ્મનનાં મથકો અને આંતરમાળખાકીય સુવિધાઓનો વિનાશ કરવામાં આવશે.

(૪) સૈનિકો અને નાગરિકો બંને માટે હાનિની શક્યતા :

અગાઉનાં યુદ્ધ રણભૂમિ સુધી સીમિત હતાં. વાયુસેનાના લડાયક બૉમ્બરોના ઉપયોગે સેના ઉપરાંત નાગરિકોને પણ જાનમાલનું નુકસાન કર્યું. જે જગ્યાએ શસ્ત્રો નિર્માણ થતાં હતાં તે શહેરોનો ‘કારપેટ બૉમ્બિંગ’ કરી વિનાશ કરવામાં આવ્યો હતો. પરમાણુ બૉમ્બનો ઉપયોગ થાય તો તેના સીધા અને આડકતરા નુકસાનથી કરોડો લોકોની જિંદગી નરક સમાન બની જાય તેમ છે. એક બાજુ ટૅક્નૉલૉજી આધારિત હુમલાઓ સચોટ અને મર્યાદિત પ્રદેશને આવરે છે, આમ છતાં આજના હવાઈ યુદ્ધમાં હજારની સંખ્યામાં ડ્રૉન અને મિસાઈલો વાપરવાથી વ્યાપક રીતે વિનાશ થાય છે. ભવિષ્યના યુદ્ધમાં નાગરિકો માટે સાવ નવી રીતે સંરક્ષણવ્યવસ્થા કરવી પડશે. શસ્ત્રોની ભયાનક શક્તિ સામે સામાન્ય નાગરિક સાવ લાચાર બની જાય છે. ઈઝરાયેલના હમાસ પરના ગાઝાપટ્ટીના હુમલા તેનું ઉદાહરણ છે. ઈરાનનાં અણુશસ્ત્રોના વિનાશ માટે સેંકડો ફૂટ ભૂગર્ભ જઈને ફાટે તેવા બૉમ્બનું પરીક્ષણ ઈરાન-અમેરિકા વચ્ચેના યુદ્ધમાં થયું છે.

(૫) કૃત્રિમ બુદ્ધિમત્તાઃ

આજના યુગનું સૌથી મોટું પરિવર્તનનું પરિબળ છે - આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ’ (એ.આઈ.). કૃત્રિમ બુદ્ધિમત્તા દ્વારા જો યુદ્ધ લડાશે, તો તેના પર અંકુશ રાખવો મુશ્કેલ બનશે. આજે સૈનિકની જગ્યાએ રોબૉટને શસ્ત્રસજ્જ કરીને યુદ્ધમાં મોકલવાના સફળ પ્રયોગો થઈ રહ્યા છે. કૃત્રિમ બુદ્ધિમત્તાનો વિકાસ હાલ તો પ્રાથમિક તબક્કામાં છે, પણ ભવિષ્યમાં તેની ક્ષમતા કેટલી હશે તેનો વિચાર કરીએ તો આપણે ઊંડી ચિંતામાં સરી જઈએ તેવી સંભાવના છે.

(૬) વૈશ્વિક જોખમો :

બે દેશો કે બે જૂથના દેશો વચ્ચેના યુદ્ધમાં કયા દેશની કઈ ટૅક્નૉલૉજીનો ઉપયોગ થશે તેની આગાહી કરવી મુશ્કેલ છે. ભારત-પાકિસ્તાનના ૪ દિવસના સંઘર્ષમાં ચીનના ઉપગ્રહોના સહારે પાકિસ્તાને આપણાં લડાકુ વિમાનોના હુમલા નિષ્ફળ બનાવ્યા. આ સામે બ્રહ્માસ્ત્ર જેવી મિસાઈલોને આંતરવાની વ્યવસ્થા હાલ કોઈ દેશ પાસે નથી. ભારતની સંરક્ષણવ્યવસ્થામાં રશિયાના એસ-૪૦૦ની રચનાએ ખૂબ અસરકારક પરિણામો આપ્યાં છે.

(૭) બિનપરંપરાગત સૈન્ય-શસ્ત્ર વ્યવસ્થા :

અગાઉ ભૂમિદળોના હુમલામાં સેંકડો ટૅન્કો, વાહનો, હજારો સૈનિકો યુદ્ધ માટે રોકાતાં હતાં. આજની સ્થિતિમાં માત્ર શસ્ત્રોના ઉપયોગથી જ દુશ્મનને તમામ પ્રકારની હાનિ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ભવિષ્યમાં યુદ્ધ યંત્રો અને ઉપકરણો મારફત લડાશે તે બાબતમાં શંકા રાખવાનું કારણ નથી. ડ્રૉન કરતાં નાના વાહન દ્વારા ઘાતક શસ્ત્રોથી હુમલો કરવામાં નૅનો ટૅક્નૉલૉજીનો ઉપયોગ થાય તો નવાઈ જેવું નહીં હોય. ટૅક્નૉલૉજી દ્વારા જે શસ્ત્રો વિકસી રહ્યાં છે તેનાથી યુદ્ધની ભયાનકતામાં ચિંતાજનક વધારો થશે.

(૮) માહિતીનું મહત્ત્વ:

યાંત્રિક યુદ્ધમાં સચોટ પ્રહાર કરવા માટે ખૂબ આધારભૂત માહિતી અનિવાર્ય છે. જે રીતે ઇઝરાયલે લેબેનોનમાં ચોક્કસ વ્યક્તિ ક્યાં છુપાયેલી છે તે જાણીને તે એક જ મકાનના ભૂગર્ભ ભાગનો નાશ કર્યો. ભારતે પાકિસ્તાનના નૂરખાન હવાઈ મથકનો એટલી ચોકસાઈથી નાશ કર્યો કે વિશ્વ તે જાણીને આશ્ચર્યચકિત થઈ ગયું. આ સાહસોની સફળતા ચોક્કસ માહિતી આધારિત હતી. ઉપગ્રહો અને ડ્રૉન દ્વારા જાસૂસીની નવી ક્ષિતિજો ખૂલી છે.

ભવિષ્યમાં યુદ્ધ જ ન થાય તેવું ઇચ્છીએ, પરંતુ જ્યારે અને જ્યાં યુદ્ધ થશે ત્યાં જાનમાલની અઢળક હાનિ થશે. ટૅક્નૉલૉજીને કારણે પરમાણુ બૉમ્બ જેટલી સાર્વત્રિક વિનાશલીલાને સ્થાને સટીક અને લક્ષ્યવેધી હુમલાઓ થશે.

આવી સ્થિતિમાં સંરક્ષણ માટે પણ ટૅક્નૉલૉજી આધારિત વ્યવસ્થા કરવામાં આવશે. ભારતે રશિયા પાસેથી ખરીદેલ એસ-૪૦૦ અને સંરક્ષણ મંત્રાલયની સંશોધન સંસ્થાએ વિકસાવેલાં ઉપકરણો કારગત નીવડ્યાં છે. ભવિષ્યનું યુદ્ધ કેવું હશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે. એક બાબત નિશ્ચિત છે કે આપણે એક એવી સ્થિતિએ પહોંચી રહ્યા છીએ જ્યારે માનવજાતિનું અસ્તિત્વ ટકાવી રાખવું હોય તો યુદ્ધનો વિચાર ત્યજીને આપણે સહયોગ દ્વારા જ સુખી થઈશું.



આર્યભટ

(મૂળ 'આર્યભટીય' સહિત)

લેખક : ગુણાકાર મૂળે, અનુવાદ : ડૉ. સુશ્રુત પટેલ

પ્રાચીન ભારતના જ નહીં, બલ્કે દુનિયાના સર્વશ્રેષ્ઠ ગણિતવિદ અને ખગોળશાસ્ત્રી આર્યભટ વિશે સર્વાંગી પરિચય આપતો સર્વપ્રથમ ગ્રંથ.

પ્રકાશક : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

કિંમત : ૩૦૦ રૂ., પૃષ્ઠ : ૨૨૪

હિમાલયમાં 'હોપ' – ચંદ્ર અને મંગળ ખેડાણનો મહાવરો

વિજ્ઞાન

ચિંતન ભટ્ટ

પૃથ્વી પર જુદાં જુદાં સ્થળોએ જુદી જુદી પરિસ્થિતિ/વાતાવરણ હોય છે. એક વાતાવરણમાં રહેતા લોકો બીજા વાતાવરણમાં જાય ત્યારે અનુકૂલન સાધતાં થોડો સમય લાગે છે. મેદાની વિસ્તારમાં રહેતા લોકો કૈલાસની યાત્રાએ જાય ત્યારે ઘણી વખત ત્યાંનું વાતાવરણ સહન નથી કરી શકતા, માટે જ યાત્રા પૂર્વે કડક તબીબી તપાસમાંથી પસાર થવું પડે છે. સૂર્યમાળાના અન્ય ગ્રહ કે ઉપગ્રહની વાત કરીએ તો ત્યાં તો પૃથ્વીથી તદ્દન ભિન્ન પરિસ્થિતિ હોય છે. ત્યાં ટકી રહેવા માટે વિશિષ્ટ તૈયારી કરવી પડે છે - તાલીમ લેવી પડે છે. અરે! જીવતા માનવીની વાત જવા દો; નિર્જીવ યાન કે રોબૉને પણ પારકા ગ્રહ પર ઉતારવાં હોય તો તે ત્યાંની પરિસ્થિતિમાં ટકી રહેશે તેની પહેલાં ખાતરી કરી લેવી પડે છે. યાદ કરો ચન્દ્રયાન અંગેની વાત. ચન્દ્રયાન-૨ અભિયાનમાં વિક્રમ લૅન્ડરને ચંદ્ર પર ઉતારવાની યોજના હતી. ચંદ્રની સપાટીના ગુણધર્મો અને ધરતીના ગુણધર્મો વચ્ચે ખૂબ મોટો તફાવત છે માટે ખરેખર ચંદ્ર પર ઊતરતાં પહેલાં લગભગ તેવી જ સપાટી પર 'વિક્રમ'ને ઉતારવાની અજમાયશ તો કરી જ લેવી જોઈએ. આ માટે ચંદ્ર જેવી માટી જોઈએ - જે બીજેથી મંગાવવાનું પરવડે તેવું ન હતું. ભૂસ્તરશાસ્ત્રીઓની મદદથી ઇસરોએ ભારતમાં જ ચંદ્ર જેવી માટી શોધી કાઢી અને બૅંગાલુરુથી આશરે બસ્સો કિલોમીટર દૂર ચિત્રદુર્ગ જિલ્લાના વિશાળ વિસ્તારમાં ચંદ્રની સપાટીની પ્રતિકૃતિ તૈયાર કરી. અહીં મહિનાઓ સુધી ચંદ્ર પર ઉતરાણની અજમાયશ થતી રહી; જેનું શુભ પરિણામ ચન્દ્રયાન-૩ વખતે જોવા મળ્યું. ચન્દ્રયાન-૩ની સફળતાથી અંતરિક્ષ ખેડાણની એક નવી કેડી મળી અને ઇસરોએ સમાનવ અંતરિક્ષયાનની તૈયારી શરૂ કરી. આ માટે સંભવિત અંતરિક્ષયાત્રીઓને તાલીમ આપવી જરૂરી હોય છે. તાલીમ માટે અંતરિક્ષ જેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું અતિ ખર્ચાળ હોય છે. ઇસરોના સમાનવ અંતરિક્ષયાન ગગનયાનના યાત્રીઓને કેટલીક તાલીમ ભારતમાં; તો કેટલીક સઘન તાલીમ રશિયા અને અમેરિકામાં આપવામાં આવી. ઇસરોએ માનવને ચંદ્રની સપાટી પર ઉતારવાની યોજનાની પણ ઘોષણા કરી છે. આ સંદર્ભમાં માનવીના 'ચંદ્ર-સ્પર્શ' પર એક દૃષ્ટિ નાખી લઈએ.

આપણી પૃથ્વીની ૮.૨ અબજની માનવવસ્તીમાંથી અત્યાર સુધીમાં ફક્ત બાર વ્યક્તિઓએ જ પૃથ્વી સિવાયના આકાશી પિંડ પર પગલાં પાડ્યાં છે અને તે પણ ફક્ત ચંદ્ર ઉપર જ. જુલાઈ ૧૯૬૯થી ડિસેમ્બર ૧૯૭૨ સુધીમાં ચંદ્ર પર ઊતરનાર આ બારે-બાર અંતરિક્ષયાત્રીઓ અમેરિકન હતા. ૨૧ જુલાઈ, ૧૯૬૯ના દિવસે ચંદ્ર પર સૌથી પહેલાં ઊતરનાર નીલ આર્મસ્ટ્રોંગ અને બઝ અલ્ડ્રીને સૌથી ઓછો સમય એટલે કે બે કલાક અને ૩૧ મિનિટ ત્યાં વિતાવી હતી. જ્યારે છેલ્લે ડિસેમ્બર, ૧૯૭૨માં ગયેલા અંતરિક્ષયાત્રીઓ જીન સેર્નન અને હેરિસન શ્મિટે ૨૨ કલાક ૨ મિનિટ જેટલો સૌથી લાંબો સમય ચંદ્ર પર વિતાવ્યો હતો. ૧૯૭૨ પછી કોઈ પણ માનવ અન્ય કોઈ પણ

હિમાલયમાં હોપ

આકાશી પિંડ પર ઊતર્યો નથી. છેલ્લા છ દાયકાથી માનવસ્પર્શ ઝંખતા ચંદ્ર પર માનવીય સ્પર્શની ઈસરોએ ઘોષણા કરી જેને પગલે બીજો કોઈ દેશ પણ આ પ્રકારની ઘોષણા કરે તેવી શક્યતા છે, જેમાં 'હું પણ' કે 'હું પહેલો' જેવો ભાવ પણ હોય. ચંદ્રની સપાટી પર અનુકૂલન સાધવા માટે અંતરિક્ષયાત્રીઓને ધરતી પર તાલીમ આપવી જરૂરી છે અને તેના શ્રીગણેશ ઈસરોએ કરી દીધા છે. દરેક ક્ષેત્રે બીજા દેશોનું અવલંબન ઓછું કરવાની શીખ આપણને મહાત્મા ગાંધીએ આપી હતી જેને ઈસરોએ આત્મસાત્ કરી હોય તેવી પ્રતીતિ થાય છે. બૅંગાલુરુમાં જાન્યુઆરી, ૨૦૧૯માં સમાનવ અંતરિક્ષ ઉડાન કેન્દ્ર (Human Space Flight Centre) સ્થાપીને ઈસરોએ પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. અલબત્ત, અમદાવાદનાં અંતરિક્ષ ઉપયોગ કેન્દ્રમાં પણ સમાનવ અંતરિક્ષયાત્રા અંગે અલગથી એક વિભાગની રચના કરવામાં આવી છે.

ગગનયાનની જેમ નિમ્ન ભૂ-કક્ષામાં અંતરિક્ષયાત્રીઓને મોકલવાના હોય કે પછી અન્ય ગ્રહ/ઉપગ્રહ પર અવરોહણ કરવાનું હોય, તેનું પ્રથમ સોપાન છે અંતરિક્ષમાં ગયા વગર ત્યાંની પરિસ્થિતિનું અનુકૂલન સાધવાની તાલીમ લેવી અને તેનું પુનરાવર્તન કરવું. આ માટે જરૂરી છે પરગ્રહની પરિસ્થિતિ અને વાતાવરણને હૂબહૂ અનુસરતું કેન્દ્ર એટલે કે અંતરિક્ષ અનુરૂપ કેન્દ્ર (Space Analogue Centre). સ્વાભાવિક છે આ પ્રકારનું એક કેન્દ્ર બ્રહ્માંડના બધા જ ગ્રહો/ઉપગ્રહોને અનુરૂપ તો ન જ હોઈ શકે. દુનિયામાં લગભગ ત્રીસેક અંતરિક્ષ અનુરૂપ કેન્દ્રો છે. અલબત્ત, અંતરિક્ષ અનુરૂપ કેન્દ્રની કોઈ પ્રમાણભૂત આદર્શ વ્યાખ્યા ઉપલબ્ધ નથી. અંતરિક્ષ અનુરૂપ કેન્દ્રમાં પૃથ્વી પર પરગ્રહ જેવી પરિસ્થિતિ સર્જીને અંતરિક્ષયાત્રીઓને અભ્યાસ, સંશોધન અને તાલીમની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે છે. ભારતનું આવું પ્રથમ કેન્દ્ર નવેમ્બર, ૨૦૨૪માં લદ્દાખની રાજધાની લેહથી લગભગ ૧૦૦ કિલોમીટર દૂર 'ત્સો કાર ખીણ'માં સમુદ્રની સપાટીથી લગભગ ૪.૩ કિલોમીટરની ઊંચાઈએ કાર્યરત થયું છે. આ સ્થળની પસંદગી કરવામાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, પૃથ્વીના પ્રથમ જીવયુગ વિશે સંશોધન કરતી 'બિરબલ સહાની પુરાવિજ્ઞાન સંસ્થા' - લખનઉ અને

ઇસરોના તજ્જ્ઞોનો ફાળો રહ્યો છે. આ કેન્દ્રને HOPE (Himalayan Outpost for Planetary Exploration) નામ આપવામાં આવ્યું છે. ઇસરોના આ કેન્દ્રને સાકાર કરવામાં AAKA સ્પેસ સ્ટુડિયો-અમદાવાદ, લદ્દાખ વિશ્વવિદ્યાલય, આઈઆઈટી - દિલ્હી, લદ્દાખ સરકાર વગેરેનો સહકાર મળ્યો છે. ફરવાના શોખીનોને ખબર જ હશે કે લદ્દાખમાં એક સ્થળે મંગળ જેવી ભૂમિ છે અને ત્યાંની આબોહવા વિષમ છે. ખાસ તો ત્સો કાર વેલીના વાતાવરણમાં ઑક્સિજનનું ઓછું પ્રમાણ, વધુ પારજાંબલી (UV) કિરણો, હવાનું ઓછું દબાણ, અતિ ક્ષારીય ભૂમિ અને શિયાળામાં -૨૫° ડિસે. જેટલું નીચું તાપમાન આ વિસ્તારને અંતરિક્ષ અનુરૂપ કેન્દ્ર માટે આદર્શ બનાવે છે. આ કેન્દ્રમાં જ્યારે અભિયાન હાથ ધરવામાં આવે ત્યારે ત્યાં હવા ભરીને ફુલાવીને તૈયાર થતો આત્મનિર્ભર આવાસ હોય છે. આવાસ એટલે ખાસ ડિઝાઈન કરેલું ૮ મીટર વ્યાસનું એક 'આવાસ મૉડ્યૂલ', જાણે કે ખાસ પ્રકારનો એક તંબુ. આવાસના સંચાલન અને અન્ય સહાય માટે ૫ મીટર વ્યાસનું 'યુટિલિટી મૉડ્યૂલ' પણ છે. સુચારુ રૂપે સંચાલન માટે આ બંને એકબીજા સાથે જોડાયેલાં છે. આ આવાસમાં માટી વગર ખેતી થઈ શકે તેવું હાઇડ્રોપોનિક ફાર્મ, રસોડું અને વ્યક્તિગત સ્વચ્છતાની સુવિધાઓ છે.

ઑગસ્ટ, ૨૦૨૫ના પહેલા દશ દિવસમાં અંતરિક્ષ અનુરૂપ કેન્દ્ર ખાતે પહેલું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં ઍરોસ્પેસ ઈજનેર શ્રી રાહુલ મોગલ્લાપલ્લીએ અને બાયૉલૉજિસ્ટ શ્રી યમન અકોટે ભાગ લીધો હતો. તેઓ અંતરિક્ષ પોશાક પહેરીને ત્યાંના આવાસમાં એકલવાસમાં દશ દિવસ રોકાયા હતા. તેમની સાથે ઇસરો હ્યુમન સ્પેસફ્લાઇટ સેન્ટરના વિજ્ઞાનીઓની એક ટીમ પણ જોડાઈ હતી. તેઓએ અભિયાનની પ્રગતિનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. દશ દિવસના એકાંતવાસ દરમિયાન બંને વિજ્ઞાનીઓએ મર્યાદિત સંસાધન-મર્યાદિત વાતાવરણમાં માનવ-પરિબળો, મનોવૈજ્ઞાનિક સ્થિતિસ્થાપકતા અને ઑપરેશનલ પ્રક્રિયાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને લાંબા ગાળાના અવકાશ મિશનનું અનુકરણ કરતી પરિસ્થિતિઓનો અનુભવ કર્યો. તદુપરાંત HOPE અભિયાનમાં તેમણે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્પેસ ટૅક્નૉલૉજી - તિરુવનંતપુરમ્, રાજીવ ગાંધી સેન્ટર ફોર બાયૉટૅક્નૉલૉજી - તિરુવનંતપુરમ્, આઈઆઈટી - હૈદરાબાદ તથા મુંબઈ અને ઇન્સ્ટિટ્યૂટ ફોર ઍરોસ્પેસ મેડિસિન - બૅંગાલુરુ જેવી ખ્યાતનામ સંશોધન સંસ્થાઓએ સૂચવેલા પસંદગીના પ્રયોગો પણ કર્યા હતા. તેમણે મેળવેલા ડેટા અને અનુભવો ભારતના પોતાના ગગનયાન કાર્યક્રમ સહિત ભવિષ્યના માનવ અવકાશ ઉડાન મિશન માટે તૈયારી કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. અભિયાન, સંશોધન અને તાલીમ માટે આંતરરાષ્ટ્રીય સહયોગ અને વૈજ્ઞાનિક સમર્પણ માટેનું આ કેન્દ્ર એક પ્લૅટફૉર્મ પૂરું પાડે છે. અહીં કરેલા અભ્યાસમાંથી મેળવેલી સમજ ઊંડા અવકાશ સંશોધનના પડકારો અને જરૂરિયાતોની વૈશ્વિક સમજમાં ફાળો આપશે. આ કેન્દ્ર માત્ર પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષા સુધીની અંતરિક્ષયાત્રાની તૈયારી જ નહીં, ભવિષ્યમાં કોઈ ભારતીયની ચંદ્રયાત્રા કે મંગળયાત્રા વખતે ત્યાં સુધી પહોંચવામાં અને ત્યાં ઉતરાણ કરી રોકાણ કરવા માટે જરૂરી તાલીમ અને સજ્જતા કેળવવામાં પણ મદદરૂપ થશે.

જાતને સુધારવા વિશે

રતિલાલ બોરીસાગર

મારા એક લેખમાં મેં લખેલું કે કોઈ પણ પ્રકારનો ઉપદેશ આપણા માટે હિતકર છે કે કેમ એટલું જ આપણે જોવું જોઈએ, ઉપદેશ આપનાર પોતાના જીવનમાં એનું આચરણ કરે છે કે નહિ તેની પંચાતમાં આપણે ન પડવું જોઈએ. આ વાંચીને એક વડીલ ઉશ્કેરાઈ ગયા. (આમ પણ વડીલોનું એક મુખ્ય કામ નાનાંઓ પર ઉશ્કેરાવાનું જ હોય છે !) એમણે ક્યાંકથી મારું સરનામું શોધીને મારા પર પત્ર લખ્યો. પત્રની શરૂઆતમાં જ એમણે મને સીધો પ્રશ્ન પૂછ્યો છે, 'તમે લેખકો તમારા મનમાં સમજો છો શું ? હાથમાં કલમ આવી એટલે શું ગમે તેમ લખી નાખવાનું ? પોતે જેનું આચરણ કરી શકતા ન હોય તેવા ઉપદેશની કોઈ પર કશી અસર થતી નથી. આ સનાતન સત્ય છે. એમાં મીનમેખને સ્થાન જ નથી. બીજાં સુધરે કે ન સુધરે, તમારે લેખકોએ સુધરવાની ખાસ જરૂર છે, વગેરે વગેરે.' મારે કારણે આ વડીલે સમગ્ર લેખકગણને સપાટામાં લીધો એનું મને દુઃખ છે. પણ આ અને એમના જેવા બીજા વડીલોને વધુ ઉશ્કેરવા મારે હજુ એ જ કહેવાનું છે કે કોઈ પણ પ્રકારનો ઉપદેશ ગ્રહણ કરવા માટે જે-તે ઉપદેશ આપણા માટે લાભદાયક છે કે નહિ એટલું જ આપણે જોવું જોઈએ.

મારા એક મિત્ર છે. એમણે ઉપનામ હેઠળ એક પુસ્તક લખ્યું છે. પુસ્તકનું નામ છે 'પૈસા મેળવવાના ૧૦૧ કીમિયા'. મિત્રે પૈસા કમાવાના એક કીમિયા તરીકે જ આ પુસ્તક લખેલું. પૈસા કમાવા માટે પૈસા ખર્ચવા પડે એમ સમજીને એમણે પુસ્તક લખવા પાછળ, છપાવવા પાછળ, પુસ્તકની જાહેરાત પાછળ, પુસ્તકના વિમોચન-સમારંભ પાછળ, પુસ્તકની નકલો પુસ્તકવિક્રેતાઓની દુકાને પહોંચતી કરવા પાછળ ઠીક ઠીક પૈસા ખર્ચ્યા. એમને શ્રદ્ધા હતી કે પુસ્તક ખપશે, પણ તેઓ પોતે જ ખપી જવાની સ્થિતિમાં આવી ગયા. વર્ષાન્તે પુસ્તકવિક્રેતાઓ પણ પુસ્તકની નકલો, લેખકના પોતાના ખર્ચે પાછી મંગાવી લેવા દબાણ કરવા લાગ્યા. પૈસા કમાવાના ૧૦૧ કીમિયા પુસ્તકમાં આપેલા હતા, પણ પુસ્તક કેમ વેચવું એનો કીમિયો લેખક જાણતા નહોતા. લેખકે ભારે હૃદયે પુસ્તકવિક્રેતાઓને ત્યાંથી પુસ્તકની નકલો પાછી મંગાવી અને એથી પણ ભારે હૃદયે પસ્તીવાળાને જોખી આપી. આ બધું છતાં પુસ્તકમાં પૈસા કમાવાના જે ઉપાયો બતાવાયા હતા તે ખોટા હતા એવો આક્ષેપ કોઈએ કર્યો નથી. એમણે કેટલાક મિત્રોને આ પુસ્તક ભેટ આપેલું. આ મિત્રોમાંથી કેટલાકની પાસેથી કેટલાક લોકો પુસ્તક માગી ગયેલા એમાંથી બેત્રણ જણા આ પુસ્તકમાં દર્શાવાયેલા કોઈ ને કોઈ કીમિયાની મદદથી પૈસા કમાઈ શક્યા હતા. એ લોકોએ આ માટે આભાર માનતા પત્રો પણ લેખકને લખેલા. એ પત્રો આજે પણ લેખક પાસે મોજૂદ છે.

સો વરસ સુધી નીરોગી કેમ રહેવું એના સચોટ ઉપાયો વર્ણવતા એક પુસ્તકના લેખકને હું ઓળખું છું. આજે તેઓ એંશી વર્ષના છે. પણ છેલ્લાં ત્રીસ વરસથી માંદા રહ્યા કરે છે. જે-જે રોગો થતા અટકાવવાના ઉપાયો એમણે પુસ્તકમાં વર્ણવ્યા છે તે-તે સર્વ

રોગો એમને થયા છે. એમને બ્લડપ્રેશર છે, એન્જાઈના પેઇન રહે છે, પગના સાંધા ઝલાઈ ગયા છે, બહુ નાની ઉંમરે એમને બંને આંખે મોતિયો આવી ગયો હતો. એમને શ્વાસની તકલીફ છે. એમણે કાકડા કપાવેલા છે. આ પ્રદેશ પર ક્યારેક પણ કાળાભમ્મર વાળ ઊગતા હશે એવો સહેજે ખ્યાલ ન આવે એવી ચકચકાટવાળી પૂર્ણ કદની ટાલ એમના માથા પર છે. ટૂંકમાં, તેઓ નખશિખ બીમાર છે. (એટલે કે પગનાં તળિયાં ને આંગળાંના દુખાવાથી માંડીને માથાના દુખાવા સુધીની તકલીફો તેઓ ભોગવી રહ્યા છે.) વિવિધ રોગો થવાને કારણે એમણે આયુર્વેદના લગભગ તમામ પ્રમાણભૂત ગ્રંથો મૂળ સંસ્કૃતમાં વાંચ્યા છે. આ અભ્યાસને કારણે એમના આરોગ્યને તો ખાસ લાભ નથી થયો. ઊલટું, બસમાં, ટ્રેનમાં ગમે ત્યાં ગમે ત્યારે વાંચવાંચ કરવાને કારણે એમની નબળી આંખો વધુ નબળી થઈ ગઈ છે. આમ છતાં, આ અભ્યાસના નિચોડ રૂપે એમણે વૈદક વિદ્યાની કેટલીક પુસ્તિકાઓ લખી છે. આ પુસ્તિકાઓની પ્રમાણભૂતતા જાણીતા વૈદ્યોએ પ્રમાણિત કરી છે. કેટલીક પુસ્તિકાઓની પ્રસ્તાવના વૈદ્યોએ લખી આપી છે. વૈદ્યોની સભામાં પ્રવચનો કરીને એમણે વૈદ્યોને પ્રભાવિત કર્યા છે. અલબત્ત, કૅન્સર મટાડવાના ઉપાયો સૂચવનારા આ સજ્જન પોતાની કબજિયાત પણ મટાડી શક્યા નથી. આમ છતાં, એમની પુસ્તિકાઓના વાચનથી આરોગ્યવાન થનાર માણસોના પત્રો એમને મળ્યા છે. આરોગ્ય અંગે લોકોમાં જાગૃતિ લાવવાના એમના પ્રયાસોને કારણે એમનું જાહેર સન્માન પણ યોજાયું હતું. જોકે એમની તબિયત બરાબર ન હોવાના કારણસર સન્માન સમારંભની તારીખ ત્રણ વાર બદલવી પડી હતી એ જુદી વાત છે. પણ જેમણે પોતાનું આરોગ્ય સુધારવું છે એમને માટે એમની પુસ્તિકાઓ ઉપયોગી છે એમાં શંકા નથી.

જીવનમાં સફળતા મેળવવાના માર્ગો દર્શાવતી નાની નાની પુસ્તિકાઓના એક લેખક તો મારા ખૂબ નિકટના મિત્ર છે. આ પુસ્તિકાઓ ખૂબ વંચાઈ છે, વેચાઈ છે. પણ લેખક પોતે એ પુસ્તિકાઓમાંની વાતો પોતાના જીવનમાં ઉતારી શક્યા નથી. લેખક ખૂબ સરળ ને સજ્જન છે પણ એમની પુસ્તિકાઓ સાથે એમના જીવનનો ખાસ મેળ બેસતો નથી.

'કપડાં સાદાં પહેરો, પણ એકદમ વ્યવસ્થિત રીતે પહેરો' એવું એક સૂત્ર એમની 'પ્રભાવક વ્યક્તિત્વ ખીલવવા માટે શું કરશો ?' નામની એક પુસ્તિકામાં આપેલું છે. પણ પુસ્તિકા બહાર પડ્યા પછીના તરતના ગાળામાં ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન ભરાયું એ વખતે પહેલા દિવસે તેઓએ ઊંધી જરસી પહેરીને આખો દિવસ સાહિત્યનો આસ્વાદ માણ્યો હતો. બીજે દિવસે જરસી તો સવળી પહેરી હતી. પણ બંને પગમાં મોજાં જુદા જુદા રંગનાં હતાં !

'બધું જ કામ સમયસર કરો' એવી આ લેખક મિત્રની એક પુસ્તિકા છે. આ પુસ્તિકા પ્રેસમાં હતી ત્યારે એની ખરીદીનો મોટો ઑર્ડર મળ્યો હતો, પણ પુસ્તિકા સમયસર બહાર પડી શકી નહિ, પરિણામે ઑર્ડર કૅન્સલ થયો. મિત્ર સરળ અને સજ્જન છે એટલે અનેક કામો માથે લે છે, ને લગભગ કોઈ કામ સમયસર પાર પાડી શકતા નથી.

આમ છતાં જીવન સફળ બનાવવું હોય એવાંઓ માટે એમની આ પુસ્તિકા ઘણી જ ઉપયોગી છે એમાં શંકા નથી.

'જીવનમાં સુવ્યવસ્થાનું મહત્ત્વ' નામની આ મિત્રની એક પુસ્તિકા છે. આ પુસ્તિકામાં દરેક વસ્તુ એમના યોગ્ય સ્થાને રાખો એવું એક પ્રકરણ છે. દરેક ચીજવસ્તુ એના યોગ્ય સ્થાને રાખવાથી સમયનો ખૂબ જ બચાવ થાય છે, ચીજવસ્તુ શોધવા માટે ઘાંઘા થવું પડતું નથી; પરિણામે માનસિક સ્વસ્થતા જળવાઈ રહે છે વગેરે વગેરે વાતો એમણે અનેક મહાન પુરુષોનાં દૃષ્ટાંતો આપીને આ પ્રકરણમાં કહી છે. પણ લેખક પોતે ક્યારેય પોતાની કોઈ ચીજ ઠેકાણે મૂકતા નથી. એટલું જ નહિ, એમનાં પત્નીએ યોગ્ય ઠેકાણે મૂકેલી ચીજવસ્તુઓ પણ તેઓ એવી આડીઅવળી મૂકી દે છે, કે પછી એમનાં પત્ની પણ સહેલાઈથી શોધી શકતાં નથી. એમણે પેન્સિલ છોલવા લીધેલું ચપ્પુ સાતમે કે આઠમે દિવસે જડે છે. દરરોજ બીજાની ચીજવસ્તુ માગી લાવતાં સંકોચ થાય એટલે એમનાં પત્નીને ખોવાયેલી ચીજને બદલે નવી ચીજ જ લેવી પડે છે. આ કારણે એમને ત્યાં સત્તર ચપ્પાં અને ઓગણીસ કાતર છે ! મિત્રને હાથરૂમાલ તો અઠવાડિયે એકની સરેરાશ મુજબ ખોવાય છે. તેઓને દૂરનું જોવાની તકલીફ છે, પણ ચશ્માં વસાવવામાં એમણે દીર્ઘદૃષ્ટિ દાખવી છે. નંબર બદલાય અને નવાં ચશ્માં કરાવવાનાં થાય ત્યારે ત્રણચાર જોડી ચશ્માં જ કરાવી લે છે. એમાંથી એકાદ જોડ જ હાથવગી હોય અને બાકીનાં ચશ્માં જડતાં ન હોય એવાય દિવસો હોય છે. આમ છતાં, જીવનને વ્યવસ્થિત બનાવવાનાં એમનાં સૂચનો અર્થ વગરનાં છે એવું કોઈ કહી શકે તેમ નથી.

આમ તો કોઈએ ક્યારેય કોઈને ઉપદેશ આપવો નહિ, કારણ કે ઉપદેશ આપવાથી કોઈને ક્યારેય સુધારી શકાય નહિ. પણ જેને પોતાને સુધરવું છે, એને માટે તો ઉપદેશમાં રહેલું સત્ય જ મહત્ત્વનું છે. એ ઉપદેશ પ્રમાણે લેખકનું જીવન છે કે નહિ એ જોવાનું કામ આપણું નથી.

શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની યૂટ્યૂબ ચૅનલ પર દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

સપ્ટેમ્બર મહિનામાં ૭ સપ્ટેમ્બરે 'બુલબુલ બની સમજદાર' અને ૨૧ સપ્ટેમ્બરે 'કાગડાઓની સંખ્યા' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી તથા ૧૪ સપ્ટેમ્બરે 'વાતનું વતેસર' અને ૨૮ સપ્ટેમ્બરે 'ઘરડો સિંહ શોધે શિકાર' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

‘સુરદાસ’ અને ‘રાણકદેવી’ !

કુમારપાળ દેસાઈ

આધુનિક યુગમાં ભારત અને ગુજરાતનાં અનેક ક્ષેત્રોમાં પારસીઓએ પહેલ કરી, તે રીતે ગુજરાતના નાટ્યક્ષેત્રે પહેલ કરનાર પારસી નાટક મંડળીઓને કઈ રીતે ભૂલી શકે ? એ સમયની પારસી નાટક મંડળીના દરેક નાટકને અંતે ફારસ રજૂ કરવાની પ્રથા હતી, જે એ પછીનાં ગુજરાતી નાટકોમાં પણ સતત ચાલુ રહી. એવી જ રીતે પારસી નાટકોની ખાસિયત એ હતી કે એ દર અઠવાડિયે નાટ્યપ્રયોગ રાખવાને બદલે વરસાદ આવે તે પહેલાં અને વરસાદ ગયા પછી એમ બે મોસમમાં નાટક ભજવતાં. એનું નાટક લગભગ સાડા ત્રણ કલાક ચાલતું. શરૂઆતમાં માત્ર પુરુષ પ્રેક્ષકો આવતા, પરંતુ એ પછી સગવડ વધતાં સ્ત્રીવર્ગ પણ નાટક જોવા આવવા લાગ્યો અને એ પછી એક સમય એવો આવ્યો કે માત્ર સ્ત્રીઓ માટે નાટકનો અલાયદો શો રાખવાની પ્રથા પણ શરૂ થઈ.

કોઈ કલાકારોને આર્થિક સહાય આપવા માટે કે પછી દુષ્કાળ જેવી આપત્તિના સમયે ફાળો એકત્રિત કરવા માટે પણ નાટકના પ્રયોગો થતા હતા. ગુજરાતી રંગભૂમિનો એ સમય એટલો રોમાંચક હતો કે લોકો અમુક પાત્રની અદાકારી પર એવા વારી જતા કે પછી એ પાત્રને એ જ નામે ઓળખતા હતા. જયશંકર ‘સુંદરી’ એ એનું જાણીતું ઉદાહરણ છે.

જયશંકર ભુદરદાસ ભોજક(૧૮૮૯થી ૧૯૭૫)ને આપણે ‘સુંદરી’ને નામે ઓળખીએ છીએ અને આ જયશંકર ‘સુંદરી’એ માત્ર બાર વર્ષની વયે ‘સૌભાગ્ય સુંદરી’ નાટકમાં ૧૯૦૧ની ૧૯મી ઑક્ટોબરે ‘સુંદરી’ની એવી ભાવવાહી ભૂમિકા ભજવી કે ત્યારથી તેઓ ‘સુંદરી’ના નામે નાટકના તખ્તા પર નામના પામ્યા અને નોંધપાત્ર બાબત એ છે કે મુંબઈની ઉચ્ચ કુટુંબની મહિલાઓને વસ્ત્રપરિધાનની કલા અને ચાલવાની કલાનું જયશંકર ‘સુંદરી’એ શિક્ષણ આપ્યું હતું અને પુરુષ હોવા છતાં સ્ત્રીસુલભ ભાવો એવી અત્યંત સહજતાથી દાખવી શકતા કે પ્રેક્ષકો પણ આ ‘સુંદરી’ની અભિનયકલા પર વારી જઈને ભેટસોગાદો આપતા.


જયશંકર ભોજક ‘સુંદરી’

કનૈયાલાલ મુનશી, નરસિંહરાવ દિવેટિયા, ઈન્દુલાલ યાજ્ઞિક અને અન્ય મહાનુભાવો પણ જયશંકર ‘સુંદરી’ની અભિનયકલાને જોઈને પ્રસન્ન થયા હતા. શ્રી મુંબઈ ગુજરાતી નાટક મંડળીએ ગજેન્દ્રશંકર લાલશંકર પંડ્યાનું નાટક ‘કાશ્મીરનું પ્રભાત’ રેલરાહત માટે મુંબઈમાં ભજવ્યું, ત્યારે એમાં અંદાજે પંચોતેર હજાર રૂ.નો ફાળો એકત્રિત થયો હતો. ૧૯૨૮માં આ નાટક ભજવાયું હતું અને એ સમયે આભારવિધિ પ્રસંગે રંગમંચ પર જ જયશંકર ‘સુંદરી’એ આંગળી

પર પહેરેલી અડધા તોલાની સોનાની વીંટી રાહતફાળામાં આપી, ત્યારે કાર્યકરોએ એ વીંટીનો જાહેરમાં ચડાવો બોલ્યા અને 'સુંદરી'ના એક ચાહકે પંદર હજાર રૂપિયા આપીને એ વીંટી ખરીદી લીધી.

હવે વાત કરીએ ચાંદમિયાં ઈસ્માઈલની. ૧૮૯૦થી ૧૯૧૦ સુધીના ગાળામાં ચાંદમિયાં ઈસ્માઈલ સ્ત્રી-પાત્ર ભજવનાર કુશળ કલાકાર તરીકે જાણીતા હતા. ૧૮૯૦માં તેમણે શ્રી મોરબી આર્યસુબોધ નાટક મંડળીમાં રાણકદેવીની ભૂમિકા ભજવી. આ ભૂમિકા જ ચાંદમિયાંની ઓળખ બની ગઈ. એ પછી કેસરબા, વિજયા, હંસાવતી, શીલવતી, રમા, અનસૂયા, સરસ્વતી જેવાં નારીપાત્રો ભજવ્યાં, પરંતુ ચાંદમિયાં બધે 'રાણકદેવી' તરીકે પંકાયા.

કોઈ સંતનું કે મહાપુરુષનું પાત્ર આબાદ રીતે ભજવી જનાર પાત્ર એ પછી એ સંત કે મહાપુરુષના નામે ઓળખાતા હોય છે. મૂળ વાંકાનેરના લવજી મયાશંકર ત્રવાડીનું ગળું સુંવાળું હોવાથી એમની કર્ણમધુર ગાયકીથી સહુ કોઈ પ્રસન્ન થતા હતા અને ખાસ એમના અભિનય અને ગાયનને લક્ષમાં રાખીને 'બિલ્વમંગળ ઉર્ફે સુરદાસ' નાટક લખાયું અને એમાં સુરદાસના પાત્રમાં લવજીભાઈ ત્રવાડીએ એવો ભાવવાહી અભિનય કર્યો અને એવી કર્ણમધુર ગાયકી પ્રસ્તુત કરી કે તેઓ 'સુરદાસ' તરીકે નામાંકિત બની ગયા. ૧૯૧૧માં સુરતના કલેક્ટરે એમને 'સુરદાસ'ના પાત્ર માટે સુવર્ણચંદ્રક એનાયત કર્યો હતો. જ્યારે ગંગાના પરમ ભક્ત એવા જયપુરના મહારાજા માધવસિંહજીએ 'ગંગાવતરણ', 'શ્રવણકુમાર' અને 'બિલ્વમંગળ' જેવાં નાટકો જોઈને લવજીભાઈ 'સુરદાસ'ને બસો રૂપિયાનું આજીવન પેન્શન બાંધી આપ્યું હતું. 'સંત કબીર' જેવાં નાટકોમાં હિંદુ-મુસ્લિમ ઐક્યનો સંદેશો હોવાથી બ્રિટિશ સરકારે દિલ્હી અને પંજાબમાં આ નાટકો પર પ્રતિબંધ મૂક્યો હતો. જ્યારે આ 'સુરદાસ'નું 'શ્રવણકુમાર' નાટક જોઈને લોકમાન્ય ટિળકે નાટક કંપનીના આશ્રયદાતામાં પોતાનું નામ લખવાની સંમતિ આપી હતી અને મદનમોહન માલવિયાજીએ બનારસમાં લવજીભાઈને 'નાટ્યકલાભૂષણ'ની પદવી તેમજ સંસ્કૃતમાં માનપત્ર આપ્યું હતું. નાટકો પ્રસ્તુત કરીને 'સુરદાસ'ને મળેલા સોના-ચાંદીના ચંદ્રકોનું પાંચ શેર જેટલું વજન હતું. સંસ્થાના વિકટ સમયમાં આ ચંદ્રકો વેચીને સંસ્થાને ચાલુ રાખી હતી.

તો ૧૮૯૨માં જન્મેલા મગનલાલ ભાઈશંકર દવે 'વીર હમીર' તરીકે જાણીતા થયા. 'વીર હમીર' નાટકમાં ઐતિહાસિક પાત્રમાં ઉત્તમ અભિનય દાખવવાથી કેટલાક રાજવીઓ એમને 'વીર હમીર' તરીકે ઓળખતા હતા, જ્યારે ૧૯૨૮થી ૧૯૩૫ દરમિયાન જુદી જુદી નાટકમંડળીઓમાં સ્ત્રીની ભૂમિકા કરનાર અમૃત નાયક 'જોખમ'ના નામે જાણીતા હતા. તો મહેસાણા જિલ્લાના લાખાવડ ગામના અંબાલાલ વીરચંદ નાયક એ 'સુભાષ'ના નામે ઓળખાતા હતા. એમણે મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો હતો, તો વળી ઉર્દૂ, હિંદી, ગુજરાતી રંગભૂમિ પર ગુજરાતમાં તેમજ પરપ્રાંતોમાં એમણે એમની અભિનયકલાથી પુષ્કળ નામના મેળવી હતી. એ જમાનામાં 'કાઠિયાવાડી કબૂતર' અને

'કપાતર'ની હાસ્યઅભિનેતાની જોડી જાણીતી હતી. દેશી નાટક સમાજનાં નાટકોમાં આ જોડીનું હાસ્ય માણવા માટે લોકો ઊભરાતા હતા. આમાં 'કાઠિયાવાડી કબૂતર'નું મૂળ નામ હતું આણંદજી ભગવાન પંડ્યા અને 'કપાતર'નું નામ હતું કેશવલાલ નાયક.

શોભા, રાણીપ, નંદા, પાતળી, વેણી, મણિ જેવાં નારીપાત્રો ભજવનારા આણંદજી પંડ્યાને 'કાઠિયાવાડી કબૂતર' ઉપનામ કવિ મૂળશંકર મુલાણીએ આપ્યું હતું અને એમના જ સાથી નટ કેશવલાલ નાયકનું નામ 'કપાતર' રાખ્યું હતું. જ્યારે કેશવલાલ નાયક 'કપાતર' પોતે પુરુષ ભૂમિકા ભજવતા હતા. એ સમયનાં પ્રસિદ્ધ ગીતો જેવાં કે 'ઝટ જાઓ, ચંદનહાર લાવો', 'કે મને કહે છે આખું ગામ સંતુ રંગીલી' ખૂબ ચાહના પામ્યાં હતાં અને એમનાં લોકપ્રિય ગીતોની રેકર્ડ પણ ઉતારવામાં આવી હતી તેમજ 'હિઝ માસ્ટર્સ વૉઇસ' તરફથી એમને ચંદ્રક પણ આપવામાં આવ્યો હતો.

ચંદુલાલ હીરાલાલ નાયક 'સંદલ'

'સરસ્વતીચંદ્ર' અને 'સંદલ' એ નામે પણ કેટલાક અભિનેતાઓ જાણીતા હતા. 'શ્રી આર્યનીતિદર્શન' નાટક સમાજે ૧૯૧૨માં 'સરસ્વતીચંદ્ર' નાટક ભજવ્યું અને તેમાં સરસ્વતીચંદ્ર તરીકે ઉત્કૃષ્ટ અભિનય કરવાથી કેશવલાલ અંબાલાલ નાયક જીવનભર 'સરસ્વતીચંદ્ર' તરીકે ઓળખાતા રહ્યા. ૧૯૦૪થી ૧૯૩૪ સુધીની એમની કારકિર્દીમાં એમણે માધવ, દેવરાજ, ગોવિંદરાય જેવાં અનેક પાત્રો ભજવ્યાં, પરંતુ એમને લોકસમૂહ તો 'સરસ્વતીચંદ્ર' તરીકે જ ઓળખતો હતો. જ્યારે મૂળ કડીના વતની ચંદુલાલ હીરાલાલ નાયક એ એમની 'સંદલ'ની ભૂમિકા માટે જાણીતા થયા. એમના પિતા નાટકો માટે માથાની વિગ બનાવતા હતા. જ્યારે ચંદુલાલ નાયકે 'વીરપૂજન'માં સંદલના પાત્રમાં 'આ બાલ્યવયમાં કોઈનાં માતા-પિતા મરશો નહીં' ગીતમાં સાત વન્સ મૉર મેળવ્યા હતા અને એવી જ રીતે સિકંદરના પાત્રનાં ચાર ફરમાન અત્યંત લોકપ્રિય બન્યાં હતાં અને તેની રેકર્ડ ઉતારવામાં આવી હતી. એમણે 'સતી પદ્મિની'માં 'કમળા', 'અજિતસિંહ'માં 'સવિતા' અને 'બોલતો કાગળ' નાટકમાં 'મેના'નો યાદગાર અભિનય આપ્યો હતો. દેવદાસી, સંન્યાસી, સરકસ સુંદરી અને ધોબણ જેવાં પાત્રો પણ તેમણે ભજવ્યાં હતાં. છતાં ચંદુલાલ હીરાલાલ નાયક તો બધે ઓળખાયા 'સંદલ' તરીકે ! આમ જૂની રંગભૂમિમાં પોતાના અભિનયથી છાપ પાડી જનારા એ અભિનેતાઓનાં ઉપનામની પાછળ એમણે એ પાત્ર રૂપે મેળવેલી લોકપ્રિયતા ગુજરાતી રંગભૂમિના ઇતિહાસમાં અવિસ્મરણીય બની રહી.

સંશોધનની શોધ

સુધા ભટ્ટ

અઢીસો વર્ષોની મૂર્છા પછી આપણો દેશ જાગ્યો ત્યારે બુદ્ધિજીવીઓને અને પ્રત્યેક કળાક્ષેત્રના કલાકર્મીઓને ખ્યાલ આવ્યો કે 'હા...નહિ ! આપણા દેશમાં પણ કળાવિષયક ખેડાણનાં પાર વગરનાં ઉદાહરણો છે જ ને વળી !' કળાક્ષેત્રે 'રેનેસાં' - સમૂળી ક્રાંતિ માત્ર પાશ્ચાત્ય દેશોમાં જ થઈ હતી એવું નથી. એ સમયનાં પ્રસાર-પ્રચાર માધ્યમોના કેન્દ્રમાં યુરોપ અને ગ્રેટબ્રિટનના દેશો જ હતા; તેથી આપણા દેશની પારંપરિક કળા અને વર્તમાનની હાંફે ચડેલી કળા વૈશ્વિક સ્તરે ઓઝલ રહી. ખેર ! ધીરે ધીરે સૌ સારાં વાનાં થતાં ગયાં અને ભારતમાં પણ કળાનો વારસો સંદૂકમાંથી બહાર આવ્યો. નવી કળાનાં જન્મ અને રખોપાં થયાં. જે-તે યુગે 'પ્રાચીન કળા'નો જન્મ ઉત્સવમાં પરિણમેલો એ સઘળી કળા અને એના સંગ્રહ પરથી ધૂળ ખંખેરાઈ અને આપણા માતબર પ્રાચીન સાહિત્યની ઓથ એક કળાને પ્રાપ્ત થઈ. બંનેનાં પગલાં સમાંતરે થયાં એની વતનમાં સૌને ખબર પડી ગઈ.

કળાકર્મીઓ દ્વારા કળા ફનાના પંથ પર આગેકૂચ કરતી રહી, પરંતુ એને દીર્ઘાયુ બક્ષવા માટે સાહિત્યસામગ્રીનો પનો ટૂંકો પડતો રહ્યો. આઝાદીને આટલાં વર્ષો થયાં છતાં ક્યાંય એનો અતોપતો નહોતો ત્યારે વ્યક્તિગત રીતે અને સંસ્થાકીય માળખામાં ગોઠવાઈને કળાનાં રખોપાં અને તેના પ્રસાર-પ્રચાર અર્થે સૂરતની 'કલાતીર્થ ટ્રસ્ટ' નામની સંસ્થાએ કળાને 'નમસ્તસ્યૈ...નમસ્તસ્યૈ...' કરવા માટે કળાદેવીને લલકાર કર્યો...'યા દેવી સર્વ ભૂતેષુ કલારૂપેણ સંસ્થિતા...!' પ્રાચીન કળાવારસો ધરાવતા આપણા આ પ્રાચીન દેશની કળાઓનાં દર્શન કરીને, તેને ઓળખીને, તેને ઓળખાવનારાઓની એક શ્રેણી જાણે કે ઊભી થઈ ! સંસ્થાની જીવાદોરી લંબાવવા સારુ, એની માવજત અર્થે શ્રેષ્ઠીઓએ ધનપોટલીઓ છોડવા માંડી અને એક એવી સંસ્થા ઊભી થઈ જેણે સર્વે કળાઓનાં જન્મ, ભરણ-પોષણ અને રખ-રખાવટના કૉલ આપ્યા. આ કલાતીર્થ ટ્રસ્ટને સાંપડ્યા ભેખધારી શ્રી રમણીક ઝાપડિયા.

આપણા દેશમાં જેમ કુદરતી સૌંદર્ય છૂટથી વેરાયેલું પડ્યું છે તેમ ઠેર ઠેર કળાનાં થાણાં તેના મર્મીની પ્રતીક્ષામાં છવાયેલાં પડ્યાં છે. વર્ષો સુધી પ્રાચીન વારસો જંગલોમાં, મરુભૂમિમાં, પહાડોમાં, કોતરોમાં, ગુફાઓમાં સમયની રજ હેઠળ દટાયેલો રહ્યો પણ જેવો એક વાર અણસાર આવ્યો કે જાણે એ દિશા ખૂલી ગઈ. અજંતા-ઇલોરા (મહારાષ્ટ્ર) ચન્નાકેશવા અને હોયસાલા મંદિરો (કર્ણાટક), બદામી ગુફા (કર્ણાટક)

એલિફન્ટા અને કન્હેરીની ગુફાઓ (મહારાષ્ટ્ર) ઉપરાંત પૂર્વ ભારત અને ઉત્તર ભારતમાં પણ આવું કાચું સોનું હોવાનાં એંધાણ મળી આવ્યાં. એને પગલે-સ્થાપત્યને પગલે શિલ્પ, ચિત્ર, નૃત્ય, નાટ્ય આદિની દિશાઓ પણ ખૂલી. સ્વાતંત્ર્યોત્તર સંશોધનોએ ભારતના પુરાતત્ત્વ ખાતાને ફરજ રૂપે અનુપમ ભેટ ધરી અને અઢળક દસ્તાવેજીકરણ થવા લાગ્યાં.

કલાતીર્થે જ્યારથી કળારાણીને 'ઘૂંઘટ કે પટ ખોલ'નાં ઈજન આપ્યાં છે ત્યારથી કળાના અનેક આયામોએ વિશ્વનું ધ્યાન ધર્યું છે અને દોર્યું છે. માતબર માહિતી અને ચિત્રોનાં અવતરણો, સંપાદનો અને સર્જનો થઈ રહ્યાં છે ત્યારે કળા, સંસ્કૃતિ, સંસ્કારવ્યાપ, વૈભવ આદિનાં સંવર્ધનનો પથ ખૂલી ગયો છે. એક પુસ્તક લેખકની બચતમાં ઊંડો ખાડો પાડી દે એવા સંજોગોમાં આ સંસ્થાએ કલા પ્રસાર નિઃશુલ્ક કરવાનું પ્રણ લઈ પુસ્તકોના રૂપમાં છૂટે હાથે જ્ઞાનદાન કરવાનો આદર કર્યો છે. હવે, પ્રશ્ન એ છે કે જે પ્રાચીન કલાવારસો અલભ્ય છે; જે લભ્ય છે તેની ઉપર કાળની થપાટ વાગેલી છે એનો કઈ રીતે કાયાકલ્પ કરવો ? તો, એને માટે નવી ટૅક્નૉલૉજી કામ આવે છે. અન્ય કોયડો કળાને શોધીને એકત્ર કરવાનો છે.

આપણા પૂર્વસૂરિઓએ જે જહેમત ઉઠાવી છે એનું કાળજીપૂર્વકનું સંકલન કરવા માટે - સંશોધન કરવા માટે, એની નોંધ અને યાદી તૈયાર કરવા સારુ કલાતીર્થે બીડું ઝડપ્યું છે. કઈ રીતે સંશોધનગ્રંથો બહાર પાડવા - એના મંથનમાંથી માખણ એ નીકળ્યું છે કે વિદ્યાર્થીઓ માટે સંશોધન-પુરસ્કાર પ્રકલ્પના વિષયો રમતા મૂકી એ અંગેના નિબંધોની સ્પર્ધાનું આયોજન કરવું. એને માટે લગભગ સો જેટલા વિષયોની યાદી તૈયાર કરાઈ છે - જેમાં કેટલાક વિષયો બહોળું ફલક ધરાવે છે અને કેટલાકમાં કોઈ એક નાના મુદ્દા ઉપર છણાવટ કરી શકાય એવું છે. ત્રણ વિજેતા વિદ્યાર્થીઓ ઉપરાંત દસ આશ્વાસન ઈનામો પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓના લેખ 'કલા અન્વેષણા' નામના પુસ્તકમાં સમાવવામાં આવ્યા છે જેનું સંપાદન નિસર્ગ આહીરે કર્યું છે. દરેક ઉત્સુક વિદ્યાર્થીની જહેમત કાબિલેદાદ છે. નિરીક્ષણ, મંથન, લેખનયુક્ત સામગ્રીની સાથે આ નવી તરાહમાં યુવા સંશોધકો ઉન્મુખ-ઉત્સુક થઈ મુખ્ય વિષયો અને પેટા વિષયો તેમજ મુદ્દાઓમાં ઊંડા ઊતરે એવી અપેક્ષાઓ અસ્થાને નથી. મૂળ કળા અને તેના સાહિત્યમાંથી પ્રેરણા લઈ, ખેડાણ કરી, ઓતપ્રોત થઈ અંદર ઊંડા ઊતરી વિષયને દીપાવવાનું આ ઊજળું કર્મ છે. તેની ચોકસાઈ વિદ્યાર્થીઓમાં અપેક્ષિત છે, અન્યથા એ સંપાદન સુધી પહોંચે - સંશોધન અને તેનાં પરિણામો સુધી નહિ. સંશોધન એટલે સંપાદનના માથે યશસ્વી કલગી. શોધકમાં 'ખોજ'ની તરસ હોય તો જે જરઝવેરાત સાંપડે તે 'મૌલિક' હોય. આપણે ઈતિહાસને બદલી ન શકીએ પરંતુ પ્રાચીન ઈતિહાસના નકશાની માંડણી કરી, એનાં ઝીણાં અવલોકનોને નજાકતથી, લાસ્યતત્ત્વ ઉમેરી નિરૂપીએ તો એ સંશોધન છે. કલામાહિતી માત્ર દસ્તાવેજીકરણ સુધી સીમિત નથી. કલા તો સંવાદસરસી છે, સંવાદતરસી છે, સંવાદસરખી છે. તે જીવંત લાગવી જોઈએ - માત્ર જીવિત નહિ. કળા એટલે યાદી નહિ, કળા એટલે માત્ર ઈતિહાસ નહિ. તે એક જીવતું કલકલતું ઝરણું છે. તેનો સ્પર્શ શીતળ-શીળો હોય - તેની લહેરખીમાં

(અનુસંધાન ૨૬મા પાને)

મારું ગામ, મારી સ્કૂલ

પ્રીતિ શાહ

ડૉ. પ્રદીપ સેઠી

સળગતો સવાલ એ છે કે પરીક્ષામાં ઉચ્ચ ટકાવારી મેળવ્યા પછી પણ મનગમતી કે સારી ગણાતી કૉલેજ કે યુનિવર્સિટીમાં પ્રવેશ મળશે કે નહીં ? લાખો રૂપિયાની ફી ખર્ચ્યા પછી પણ ગુણવત્તાયુક્ત શિક્ષણ મળશે કે કેમ ? આવા અનેક મૂંઝવતા પ્રશ્નો વચ્ચે આજનાં માતા-પિતા અને વિદ્યાર્થીઓ અટવાઈ રહ્યાં છે. જ્યારે ઓડિશાના બેરુનપદી ગામમાં અત્યંત ગરીબ વિદ્યાર્થીને આવી કોઈ ચિંતા સતાવતી નથી. તેની પાછળનું કારણ એ છે કે તેમને પ્રદીપ સેઠી જેવા ડૉક્ટર મળ્યા છે, જે પોતાના વતનનાં ગરીબ બાળકોને ભારતનાં આધ્યાત્મિક મૂલ્યો સાથે પશ્ચિમના દેશો જેવું ગુણવત્તાયુક્ત શિક્ષણ આપીને તેમનો સર્વાંગી વિકાસ સાધવા ઇચ્છે છે. ઓડિશાની રાજધાની ભુવનેશ્વરથી દોઢસો કિમી. દૂર બેરુનપદી ગામ આવેલું છે. આ ગામમાં અત્યંત ગરીબ કુટુંબમાં પ્રદીપ સેઠીનો ૧૯૮૦ની ૧૩મી માર્ચે જન્મ થયો હતો. તે સમયે તો બેરુનપદીમાં સડક, વીજળી, હૉસ્પિટલ, પીવાનું સ્વચ્છ પાણી જેવી પ્રાથમિક સુવિધાઓનો સદંતર અભાવ હતો.

આ ગામમાં રહેતા મોટા ભાગના પરિવારો મજૂરી કરીને માંડ બે ટંકનું ભોજન પામતા હતા. પ્રદીપના પરિવારની પરિસ્થિતિ પણ એવી જ હતી. દિવસો સુધી એક જોડી કપડાંથી જ ચલાવવું પડતું. આશ્વાસન એ વાતનું હતું કે ગામમાં સ્કૂલ હતી અને પિતાએ અત્યંત ગરીબાઈની વચ્ચે પણ પ્રદીપને અભ્યાસ કરતાં રોક્યો નહીં. આમ છતાં ઘણી વાર સ્કૂલે જવાને બદલે પિતા કહે, તો ગાયને ચરાવવા લઈ જવી પડતી અથવા તો ખેતરમાં કામ કરવા જવું પડતું. આવા અવરોધો વચ્ચે પણ પ્રદીપનો અભ્યાસનો રસ જળવાઈ રહ્યો. બાર વર્ષની ઉંમરે એણે જે સરકારી સ્કૂલમાં અભ્યાસ માટે પ્રવેશ મેળવ્યો તે હિંદી-અંગ્રેજી માધ્યમની સ્કૂલ હતી. ઊડિયા માધ્યમમાં ભણેલા પ્રદીપને શરૂઆતમાં મુશ્કેલી પડી, પરંતુ પછી ધીમે ધીમે ફાવટ આવવા લાગી. પ્રદીપ અભ્યાસમાં તેજસ્વી હતો, તેથી શિક્ષકોએ એને ઘણું પ્રોત્સાહન આપ્યું. દસમા અને બારમા ધોરણમાં ખૂબ સારા માર્ક્સ સાથે ઉત્તીર્ણ થયો. દસમા ધોરણ પછી એના મનમાં ડૉક્ટર બનવાની ઇચ્છા આકાર લેવા માંડી, પરંતુ મેડિકલના અભ્યાસ માટેનો ખર્ચ પરિવાર ઉપાડી શકે તેમ નહોતો. પિતાએ પુત્રની અભ્યાસની લગન અને તેજસ્વિતા જોઈને મેડિકલની ફી માટે પોતાની પાસે જે જમીન હતી તે વેચીને થોડા પૈસા મેળવ્યા.

પ્રદીપ પણ અભ્યાસની સાથે સાથે સમય મળે ત્યારે મજૂરી કરતો હતો. આ બધા પ્રયત્નો કર્યા પછી પણ મેડિકલનો અભ્યાસ કરવો મુશ્કેલ હતો, પરંતુ ગામના કેટલાક લોકોએ તેને મદદ કરી અને દર મહિને તેર સો રૂપિયા તેને મળવા લાગ્યા, જેમાંથી તે પુસ્તકો ખરીદતો અને હૉસ્ટેલના મૅસની ફી ભરતો. હવે તેનું લક્ષ્ય એક જ હતું – ડૉક્ટર બનવાનું. ૨૦૦૪માં એમ.બી.બી.એસ.માં ઉત્તીર્ણ થઈને દેશની પ્રતિષ્ઠિત એઈમ્સમાં માસ્ટર્સ કોર્સ માટે પ્રવેશ મેળવ્યો. ૨૦૦૮માં હેર ટ્રાન્સપ્લાન્ટ સર્જરીમાં માસ્ટર કરીને ડર્મેટોલૉજિસ્ટ બન્યો. આ ક્ષેત્ર સંશોધન અથવા સૌંદર્ય સાથે જોડાયેલું હતું. હૃષીકેશમાં પ્રૅક્ટિસ શરૂ કરી. તે સમયે એમણે પરમહંસ યોગાનંદની આત્મકથા 'ઑટોબાયૉગ્રાફી ઑફ યોગી' વાંચી અને તેનો તેમના પર ઊંડો પ્રભાવ પડ્યો. ડૉ. પ્રદીપ સેઠીની થોડા જ સમયમાં સફળ અને અગ્રણી ડૉક્ટરોમાં ગણના થવા લાગી. દુબઈમાં ક્લિનિક શરૂ કરવા માટેનો પ્રસ્તાવ મળ્યો, પરંતુ તે સમયે તેમના આધ્યાત્મિક ગુરુ પરમહંસ યોગાનંદજીનું વાક્ય યાદ આવ્યું કે, 'દરેક મનુષ્યના જીવનમાં એક મોટું લક્ષ્ય હોવું જોઈએ.'

ડૉ. પ્રદીપ સેઠીનું લક્ષ્ય પૈસા મેળવવાનું નહોતું. આ અંગે તેઓ વિચારવા લાગ્યા અને પોતાના વતનમાં પરત ફર્યા. કૅન્સરગ્રસ્ત પિતાની ઇચ્છા હતી કે ગામમાં તેમનું પોતાનું ઘર હોય. ઘર બંધાયા પછી પાંચ મહિનામાં જ પિતાનું મૃત્યુ થયું. તે સૂમસામ ઘરમાં ૨૦૧૬માં એમણે ગરીબ બાળકો માટે અંગ્રેજી અને ગણિતના કોચિંગ ક્લાસ શરૂ કર્યા. બહારગામથી શિક્ષકોને બોલાવીને અનેક વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદ કરી. કોચિંગ ક્લાસની સફળતાએ તેમને સ્કૂલ શરૂ કરવાની પ્રેરણા આપી. તેમને પોતાનું બાળપણ યાદ આવ્યું. તેમણે ગામમાં ગરીબ બાળકોને આંતરરાષ્ટ્રીય સ્તરનું શિક્ષણ નિ:શુલ્ક મળે તેવી સ્કૂલ સ્થાપવાનું નક્કી કર્યું. ગામમાં જે જમીન પર એમણે મજૂરી કરી હતી તે જમીન પર સ્કૂલ બનાવવાની શરૂઆત કરી. ઘણા ગામલોકોએ તેને માટે પોતાની જમીન દાનમાં આપી. ૨૦૨૩ના એપ્રિલ માસમાં દસ એકર જમીન પર ઉત્કલ ગૌરવ ઇન્ટરનેશનલ સ્કૂલ શરૂ થઈ. આ સ્કૂલમાં અઢી હજાર બાળકો અભ્યાસ કરી શકે તેવી ક્ષમતા છે, પરંતુ અત્યારે સાડા ચારસો બાળકો અભ્યાસ કરે છે.

આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્કૂલ બનાવવા માટે એમને અદર પૂનાવાલા, રાજીવ બજાજ, પુનિત ગોયેન્કા જેવા અનેક ઉદ્યોગપતિઓએ સહાય કરી છે. અત્યાર સુધીમાં તેમણે ત્રણ હજારથી વધુ વ્યક્તિઓની હેર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરી છે, જેમાં ફિલ્મઉદ્યોગ, ક્રિકેટર અને કૉર્પોરેટ જગતની અનેક વ્યક્તિઓનો સમાવેશ થાય છે. એ સહુનો પણ તેમને સહયોગ પ્રાપ્ત થયો છે. સી.બી.એસ.ઈ. સાથે જોડાયેલી આ સ્કૂલમાં અભ્યાસ ઉપરાંત નૃત્ય, યોગ, થિયેટર અને સ્પૉર્ટ્સ શીખવવામાં આવે છે. તે ઉપરાંત કૃષિ, વ્યવસાય, ઉદ્યોગો તથા માનવીય મૂલ્યોના વર્ગો લેવામાં આવે છે. ઑક્સફર્ડના તેમજ યુ.એસ.એસ., યુ.કે. અને જાપાનના પ્રોફેસરો ઑનલાઇન કોચિંગ આપે છે. શરીર, મન અને બુદ્ધિ – ત્રણેય દ્વારા વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય તેવી ઇચ્છા રાખનાર ભારતના અગ્રણી ડૉ. પ્રદીપ સેઠીનું અન્ય વિસ્તારોમાં પણ સ્કૂલ શરૂ કરવાનું સ્વપ્ન છે.

એ માણસ કેમ રડી રહ્યો હતો ?

ભારતી રાણે

હંગેરિયન ટૂંકી વાર્તાઓના હિન્દી અનુવાદની એ નાનકડી પુસ્તિકા ખરીદેલી તો ઘણા સમય પહેલાં, પણ એને વાંચવાનું મુહૂર્ત છેક હમણાં પાક્યું ! એમાં એક વાર્તા વાંચી, જેનું શીર્ષક છે : 'માણસ કેમ રડે છે.' એના લેખક છે જ્યૉર્જ બાલિન્ત. ૧૯૦૬માં જન્મેલા બાલિન્ત પત્રકાર, વિવેચક, નિબંધકાર તથા વાર્તાકાર હતા. ઈ. સ. ૧૯૪૩માં નાઝી શ્રમ-શિબિરમાં એમનું મૃત્યુ થયું. સરળ ગદ્યમાં લખાયેલ એ નાનકડી વાર્તા મનને સ્પર્શી ગઈ, એના વિશે વાત કરવાનું મન છે.

'વિસેગ્રાદી સ્ટ્રીટમાં બેઠો બેઠો એક માણસ રડી રહ્યો હતો' - એ ઘટનાના વર્ણનથી વાર્તાનો ઉઘાડ થાય છે. એક દરવાજા પાસે પથ્થરો ઉપર, વાળેલા ઘૂંટણ વચ્ચે મોં છુપાવીને, એ લગાતાર જોરજોરથી રડી રહ્યો હતો. કથાકાર કહે છે કે, એ મજૂર જેવો દેખાઈ રહ્યો હતો. મજૂર જ હશે, કારણ કે, એનો નાક-નકશો પણ મજૂર જેવો જ હતો. ઉંબર પાસે બેસનારનો નાક-નકશો મજૂર જેવો જ હોય ને ! અને આમ જાહેરમાં રસ્તા ઉપર તો એક મજૂર જ રડે ને ! આદિકાળથી આજ સુધી તમે કોઈ રાજનાયકને કે રાજનાયકની પત્ની જેવી કોઈ મહિલાને અથવા તો કોઈ મોટા અફસરની પત્નીને ક્યારેય વિસેગ્રાદી શેરીમાં રડતી જોઈ છે ? આટલી નાની સરખી વાતમાં લેખકે સહજતાથી માનવસમાજનું કેટલું મોટું સત્ય ઉજાગર કરી આપ્યું છે ! અહીં ગરીબ નિર્દંભ રડી શકે છે. એ જેવો છે, તેવો વ્યક્ત થઈ શકે છે; જ્યારે સમાજના કહેવાતા ઉચ્ચવર્ગના લોકોએ આંસુઓને છુપાવવા કેટકેટલાં અભેદ્ય મહોરાં પહેરી રાખ્યાં હોય છે ! લેખક સૂચવે છે કે, રાજરાણીઓ, અફસરની પત્નીઓ કે પછી રાજનાયકો પાસે નિરાંતે રડી લેવાની મોકળાશ પણ હોતી નથી અને એ આજ-કાલથી નહીં, આદિકાળથી ચાલ્યું આવે છે !

વળી બાલિન્ત અહીં રુદન વિશે પણ સરસ વાત કહે છે. તેઓ કહે છે કે, રંગમંચ ઉપર કે પછી નવલકથામાં જે રુદન તમને ભાવુક કરી દે છે તે અને જીવનમાં રડવું, બંને અલગ વસ્તુ છે. વાસ્તવિક જીવનમાં બાળકની રડારોળ મોહક નથી લાગતી. ઊલટાનું એ રોકકળ સાંભળતાં એમ લાગે છે કે, જાણે કોઈ આદિમ વ્યાકુળતાને વ્યક્ત કરી રહ્યું છે. જ્યારે કોઈ પ્રૌઢને રડતો સાંભળો ત્યારે એમ લાગે કે, જાણે એને કોઈ જોરજોરથી ઢીકાપાટુ મારી રહ્યું છે ! એ બધું તો ઠીક પણ એક વાત ચોક્કસ છે કે, ઉંબર ઉપર બેસીને કોઈ ભાવુક બનતું નથી. આ બધા ઉપરથી એટલું તો માનવું પડે કે, ઉંબરો એક એવી જગ્યા છે, જેની સામે માત્ર મજૂર જેવા નાક-નકશાવાળી વ્યક્તિને જ બેસવાનો અને રડવાનો અધિકાર છે.

સાંજના ચાર વાગ્યનો સમય હતો. રાજમાર્ગ પરની ભીડ પોતાનામાં મસ્ત ત્યાંથી પસાર થઈ રહી હતી. માત્ર એ માણસ જ બેઠો હતો અને સતત રડી રહ્યો હતો. કારણ કે, એને એમ કરવાનો હક હતો. 'પણ એ માણસ શા માટે રડી રહ્યો હતો ?'

એમ પૂછતાં વાર્તાકાર આપણી સામે બીજો પ્રશ્ન પણ મૂકે છે : 'કહો, આવા લોકો કેમ રડતા હશે ?' ત્યાર બાદ પોતે જ એક પછી એક તર્ક મૂકતા જાય છે. બની શકે કે તે જાણે કોઈ લિફ્ટમાં નીચે ઊતરતો હોય, તેમ સ્મૃતિના કોઈ મુકામ ઉપર પોતાના બાળપણની કોઈ અંધારી દર્દનાક ઓરડીમાં પહોંચી ગયો હોય. એનું એક એક ડૂસકું શું એની આદિમ એકલતા અને નિઃસહાયતા વ્યક્ત કરતું હશે ? પછી પોતાના જ તર્કનું ખંડન કરતાં તેઓ કહે છે કે, 'પણ આ ગલીની બેશુમાર ભીડમાં કોઈ પ્રૌઢ વ્યક્તિ એવી તે કેવી રીતે ભૂતકાળમાં ખોવાઈ જાય અને રડવાનું શરૂ કરી દે ?'

આ કારણ નહીં તો પછી કેટલાંય મામૂલી કે મસમોટાં કારણો હોઈ શકે, જેને જ્યૉર્જ ગણાવતા જાય છે. કદાચ એના ઉપર કોઈ મોટી વિપત્તિ આવી પડી હોય - કોઈ અનપેક્ષિત શારીરિક અથવા તો માનસિક વિપદા ! એવી કોઈ વિપત્તિ જે બીજી વ્યક્તિઓની સરખામણીમાં મજૂર જેવા નાક-નકશાવાળા માણસ પર વધારે સરળતાથી આવી પડતી હોય ! ઉપર કદાચ આમ હોય, કદાચ તેમ હોય, બની શકે કે...એવું બધું વાંચતાં આપણે પણ લેખક સાથે એના રડવાના કારણ વિશે વિચારવા લાગીએ છીએ. સાથે સાથે આપણા મનમાં પ્રશ્ન થાય કે, ત્યાંથી પસાર થનાર સૌને પણ આવા વિચારો નહીં આવતા હોય ?

પણ એ માણસ તો આ આસપાસની દુનિયાથી બેખબર લગાતાર રડી રહ્યો છે. એનું માથું જોરજોરથી કંપી રહ્યું છે. એનાં મોંમાંથી નીકળતા અવાજની બાળક જેવી તીણી ચીસ ધીમી થવા લાગી છે. એની બિલકુલ પાછળ એક ચાર માળ ઊંચી ઇમારત છે. ઇમારતમાં દુકાનો, ઘર, કાર્યાલય, શયનકક્ષ, ભોજનકક્ષ, અધ્યયનકક્ષ એવું બધું છે. અને એવી તમામ ઇમારતો આસપાસ છે, જેની ઊંચાઈઓ હંમેશાંથી એ માણસની પહોંચની બહાર છે. ઇમારતોની ઉપર એન્ટેના છે, ટેલિગ્રાફના તાર છે, ઈથરના તરંગો છે અને એની પણ ઉપર હવાઈ જહાજની ઘરઘરાટી છે. લાખો શબ્દો, લાખો કાર્ય, લાખો ફકરા, જીવનની અતૂટ વિશૃંખલાના પોતાના વિધિવિધાન ! સર્જકના આ શબ્દો વાંચતાં આપણાં મનમાં પ્રશ્ન થાય કે, આ બધામાં રુદનનું કારણ પૂછતા બે શબ્દોની સહૃદયતા ક્યાં છે ?

અંતમાં વાર્તાકાર કહે છે કે, 'થોડા કલાકોમાં સાંજ ઢળી જશે, ત્યારે એની ઉપરનો સંસાર ઝળહળી ઊઠશે. પણ એ ઝાકઝમાળવાળા સંસારમાં સમ્મિલિત બધું હંમેશાં એની ઉપર જ રહ્યું છે અને ઉપર જ રહેશે.' આ માર્મિક વિધાન કર્યા પછી ફરી એક વાર પેલો વેધક પ્રશ્ન પૂછીને વાત પૂરી કરે છે : 'પણ એ માણસ કેમ રડી રહ્યો હતો ?'

મનુષ્યજીવનની આ તે કેવી વિટંબણા કે, શહેરની ભીડમાં અનેક લોકો એક સતત રડતા માણસ પાસેથી જલકમલવત્ પસાર થઈ જાય છે; પરંતુ એને પૂછવાવાળું, કે પછી સહાનુભૂતિના બે શબ્દ આપવાવાળું કોઈ નથી. એ ગરીબ છે એટલે જાહેરમાં બેસીને રડવાનો એને હક્ક છે, એવો વણલખ્યો નિયમ સ્વીકારનાર સમાજ એનાં આંસુ લૂછવાની ફરજ જાણતો નથી. ઉપરના ઝળહળતા સમાજ અને નીચે રડતા સમાજ વચ્ચે એક શૂન્યાવકાશ આદિકાળથી રહ્યો છે અને એ શૂન્યાવકાશ ભવિષ્યમાં પણ ત્યાં જ રહેશે. - એ વાત એક સાદીસીધી વાર્તામાં અત્યંત સ્પર્શક્ષમતાથી મુકાઈ છે.

(અનુસંધાન ૨૬મા પાને)

મેં કરેલાં કર્મોની હું 'મજા' ભોગવું છું

કૃષ્ણકાંત ઉનડકટ

માણસ સમયની સાથે ઘડાતો હોય છે. જિંદગી આપણને જે શીખવે છે એવું બીજું કોઈ શીખવતું નથી. આપણી જિંદગીમાં બનતી ઘટનાઓ, આપણી જિંદગીમાં સંપર્કમાં આવતા લોકો તથા સારા અને નરસા માણસોના અનુભવો જ આપણને અમુક રીતે જીવતા શિખવાડી દે છે. જિંદગીમાં સંબંધો, પ્રેમ, લાગણી, માનવતા, કરુણા સહિતની જેટલી ભાવનાઓ છે એના વિશે દરેકના પોતાના અભિપ્રાયો હોય છે. દુનિયાએ આપણી સામે કઈ નજરે જોયું છે એના પરથી આપણે દુનિયાને જોતા હોઈએ છીએ.

દુનિયા ગજબની છે. લોકોમાં ક્યારે પરિવર્તન આવે છે, એ નક્કી નથી હોતું. આજે ચાકુ લઈને જે માણસ આપણી સામે આવ્યો હોય, એ જ બીજા દિવસે કેક લાવે અને કહે કે, 'ગઈ કાલે હું જે ચાકુ લાવ્યો હતો એ તો આ કેક કાપવા માટે લાવ્યો હતો !' જેના પર ગળા સુધીનો ભરોસો હોય એ જ ઘણી વખત આપણા ગળા પર છરી ફેરવી દે છે. કેટલાક એવા પણ હોય છે જેને આપણે જિંદગીભર નફરત કરી હોય છે, એ જ ક્યારેક એટલી સારી રીતે આપણી સાથે વર્તે કે, આપણને પોતાને એમ થાય કે, અરેરે ! આ માણસ વિશે હું કેવું ધારતો હતો ? માણસ વિશેની ધારણાઓ ગમે ત્યારે ખોટી પડી શકે છે.

આમ તો માણસ વિશે ક્યારેય કોઈ ધારણા જ ન બાંધવી જોઈએ. દરેક માણસ આજે જેવો તમને લાગે છે, એના આધારે જ એને માપવો જોઈએ. આપણે મોટા ભાગે માણસને એના ભૂતકાળથી જ માપતા હોઈએ છીએ. માણસ પર સારો, ખરાબ, ભરોસાપાત્ર કે દગાખોર જેવાં લેબલો લગાવી દઈએ છીએ. હા, જેના ખરાબ અનુભવો થયા હોય તેની સાથે સાવચેત રહેવું પડે છે. કોઈ માણસ આપણને એક વખત મૂર્ખ બનાવી જાય એનો વાંધો નહીં, પણ એ જ માણસ જો આપણને બીજી વખત મૂર્ખ બનાવી જાય તો એમાં વાંક તેનો નહીં, પણ આપણો છે. માણસને પારખીને જ તેને નજીક આવવા દેવો જોઈએ. પારખી લીધા પછી પણ એ બદલાઈ શકે એવી પૂરી શક્યતાઓ હોય છે. આપણે ઘણી વ્યક્તિઓ વિશે એવું બોલતા હોઈએ છીએ કે, મને તો કલ્પના પણ નહોતી કે, એ માણસ આવું કરી શકે !

માણસને માપવા માટે સૌથી મહત્ત્વનું કંઈ હોય તો એનાં કર્મો છે. એ શું કામ કરે છે, એના વિચારો કેવા છે, એ પારખવું પડે. મોટા ભાગે માણસના જેવા વિચારો હશે એવી જ એની દાનત હશે. માણસના ઈરાદાઓ એની ભાષા અને એના વર્તન પરથી વર્તાઈ આવે છે. એ વાત જુદી છે કે, હવે માણસને નાટક કરવાની સારી એવી ફાવટ આવી ગઈ છે. આપણી નજીક હોય તોપણ આપણને અણસાર ન આવે કે એના મનમાં શું ચાલી રહ્યું છે ! કેટલાક માણસો દુનિયાને રંગમંચ જ સમજતા હોય છે અને પાત્ર જોઈને નાટક કરતા હોય છે. જ્યાં પોતાનું ઊપજતું હોય ત્યાં દાદા થઈને ફરે છે અને જ્યાં કોઈ ભાવ પુછાતો ન હોય ત્યાં કાલાવાલા કરતા હોય છે. કેટલાકને જોઈએ તો

એમ જ થાય કે, આ એ જ માણસ છે જેને મેં રોફ લગાવતો જોયો હતો એ અહીં તો કેવો ગરીબ ગાય જેવો થઈ ગયો છે !

આપણા વિચારો, આપણા સંસ્કારો અને આપણી માન્યતાઓ આપણને ચોક્કસ પ્રકારનાં કર્મો કરાવતાં રહે છે. સારો માણસ હશે એ ક્યારેય ખરાબ કર્મ કરવાનો નથી.

એક માણસની આ સત્યઘટના છે. એ એક કંપનીમાં નોકરી કરતો હતો. લાંચ-રુશવત કરી શકે એવી અનેક તકો તેને મળતી હતી. એણે નક્કી કર્યું હતું કે, ગમે તે થાય, આપણે ખોટું નથી કરવું. એક વખત તેની બદલી થઈ. નવી જગ્યાએ લાંચ-રુશવત કરવાની કોઈ શક્યતા નહોતી. તેની સાથે એક માણસ કામ કરતો હતો. તેણે કહ્યું કે, આ પોસ્ટ તો સાવ નક્કામી છે. કંઈ જ મળતું નથી. એ વ્યક્તિએ કહ્યું કે તું જેને કામનું ગણે છે એ સ્થાન મારી પાસે હતું, પણ તું જે કરવા ધારે છે એ હેતુથી મારા માટે એ નક્કામી હતી. મારા માટે તો એ પણ કામની જ હતી અને આ પણ કામની જ છે. આપણી નજર અને આપણી દાનત કેવી છે એના પરથી એ નક્કી થતું હોય છે કે, આપણા માટે શું કામનું છે અને શું નકામું છે !

સારાં અને સાત્ત્વિક કામોથી શાંતિ મળે છે એ વાત પાક્કી છે. આપણી જાત સાથે આપણે ચોખ્ખા હોઈએ, વફાદાર હોઈએ, એ પૂરતું છે. મોટા ભાગે બધા લોકો દુનિયાને ધ્યાનમાં રાખીને બધું કરતા હોય છે. મને શું સારું લાગે છે ? મને શું શોભે છે ? એની જેને ખબર છે એણે બીજી ચિંતા કરવા જેવું નથી.

એક માણસ સંત પાસે ગયો. સંતે તેને પૂછ્યું, 'તારી જિંદગીથી તું ખુશ છે ?' એ માણસે કહ્યું, હા, હું મારી જિંદગીથી બહુ ખુશ છું. હું ક્યારેય ખોટું કરતો નથી. કંઈ હોય તો હું પહેલાં મારી જાતને પૂછું છું કે, હું જે કરવા જઈ રહ્યો છું એ બરાબર છે ને ? મારી જાત જવાબ આપી દે એ પછી જ હું આગળ વધું છું. મારી જાતે મને ઘણી વાર રોક્યો પણ છે. એને ના પાડી હોય એવું કરવાનું મેં ટાળ્યું છે. હવે તો મને એવું લાગે છે કે, હું મેં કરેલાં કર્મોની મજા ભોગવું છું. મારા એક સ્વજન હતા. એ બહુ ખોટું કરતા હતા. જતી જિંદગીએ એ બહુ હેરાન થયા. એના વિશે લોકો એવું બોલતા હતા કે, એ તેણે કરેલાં કર્મોની સજા ભોગવે છે. એ સમયે જ મેં નક્કી કરી લીધું હતું કે, મારે મેં કરેલાં કર્મોની સજા નહીં, પણ મજા ભોગવવી છે.

કેવું છે, આપણે સારા હોઈએ અને સરસ જિંદગી જીવતા હોઈએ ત્યારે કોઈ એમ નથી કહેતું કે, એ પોતાનાં સારાં કર્મોની મજા ભોગવે છે ! અલબત્ત, કોઈ કહે કે ન કહે, એનાથી કોઈ ફેર પડતો નથી. આપણને તો એ વાતની ખબર જ હોય છે કે, આપણે મજા ભોગવીએ છીએ કે સજા ભોગવીએ છીએ. વડીલોના મોઢે ઘણી વખત એવું સાંભળ્યું છે કે, બધું અહીંનું અહીં છે. અહીંનું હોય કે ત્યાંનું હોય, એની ચિંતા કરવાની પણ જરૂર નથી. જિંદગી બહુ સરળ હોય છે. માણસ જ એને સંકુલ કે જટિલ બનાવી દેતા હોય છે. જિંદગી સરળ રહે એના માટે આપણે જિંદગી પર નજર રાખવી પડતી હોય છે. જાત સાથે વફાદાર રહો, કોઈનું બૂરું ન ઇચ્છો, બીજા શું કરે છે એની પરવા ન કરો. મારે શું કરવું જોઈએ એનો જ વિચાર કરો ! જિંદગી પોતે જ જીવવાની મજા આવે એવો રસ્તો કરી આપશે !

બોલીવિજ્ઞાનના સંશોધકની વિદાય

પિંકી પંડ્યા

ડૉ. શાંતિભાઈ આચાર્ય

૨૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ ગુજરાતી ભાષાના અભ્યાસમાં ધ્રુવતારક સમાન વિદ્વાન ડૉ. શાંતિભાઈ આચાર્ય ક્ષર દેહે આથમી ગયા. ગુજરાતી ભાષાવિજ્ઞાન અને બોલીવિજ્ઞાનના ક્ષેત્રે તેમનું યોગદાન એટલું મહત્ત્વનું અને વ્યાપક છે કે તે સંશોધકો અને ભાષાપ્રેમીઓ માટે માર્ગદર્શક બની રહ્યું છે અને રહેશે.

ડૉ. શાંતિલાલ પુરુષોત્તમ આચાર્યનો જન્મ ૨૫ ઑક્ટોબર, ૧૯૩૩ના રોજ જામનગર જિલ્લાના લતીપુર ગામમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ ગામમાં અને માધ્યમિક શિક્ષણ જામનગરમાં લીધા બાદ અલિયાબાડા કૉલેજમાંથી બી.એ. અને ગુજરાત યુનિવર્સિટીના સાહિત્યભવનમાંથી એમ.એ.ની પદવી મેળવી.

આવો પ્રાથમિક પરિચય કોઈ પણ વિદ્વાનનો મળી શકે, પરંતુ આ એ વિદ્વાન છે જેમણે અભ્યાસ કરવા માટે બાળવયે પોતાનું ઘર છોડી દીધું હતું. તેમણે હીરજી સિંચને આપેલ મુલાકાતમાં જણાવ્યું છે કે ‘આગળ ભણવું છે એ મનમાં હતું, લોટ નથી માંગવો.’

લગભગ ૧૧ વર્ષની વયે ઘર છોડી દીધા પછી લાંબો સમય સાફસફાઈ આદિ કામ કર્યું. તેમણે કહ્યું છે કે ‘પેટવરાણિયે રહી અને ભણવાનું શરૂ કર્યું.’ મૅટ્રિક થયા પછી પણ આગળ ભણવાની તીવ્ર ઇચ્છા હોવાથી એક વર્ષ શિક્ષક તરીકે ભણાવી પૈસા ભેગા કરીને ડોલરરાય માંકડે શરૂ કરેલી અલિયાબાડા કૉલેજમાં પ્રવેશ લીધો. ત્યાં પણ તેમની આર્થિક પરિસ્થિતિ જાણીને ડોલરરાય માંકડે તેની ચિંતા ન કરવા જણાવ્યું. પણ શાંતિભાઈએ કહ્યું કે તેમને ફી-માફી નથી જોઈતી, નોકરી જોઈએ છે, અને માંકડસાહેબે સોંપેલ લાઈબ્રેરીમાં કામ કરીને, આવક ઊભી કરીને કૉલેજનો અભ્યાસ પૂરો કર્યો. ત્યાર બાદ ગૂજરાત વિદ્યાપીઠમાં કોશકાર્યાલયમાં જોડાયા. નવાં પુસ્તકોમાંથી શબ્દો એકઠા કરીને તેના અર્થો આપવાનું કાર્ય કરવાનું હતું. એમ કહી શકાય કે તેમના કોશકાર્યનો પાયો અહીં જ નંખાઈ ગયો હતો. આ જ સમયગાળામાં મુનિ જિનવિજયજીના દેશ-વિદેશના વિવિધ પત્રોની નકલ કરીને તેમણે આવક ઊભી કરી. ત્યાર બાદ ગુજરાત યુનિવર્સિટીમાંથી તેમણે એમ.એ. કર્યું. તેમને ઉમાશંકર જોશી અને રમણલાલ જોષી જેવા સાહિત્યસર્જકોની પ્રેરણા મળી. ૧૯૬૦માં ડૉ. પ્રબોધ પંડિતના માર્ગદર્શન હેઠળ ‘હાલારી બોલી’ પર સંશોધન કરીને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી.

ભાષાના અભ્યાસ અને સંશોધન સંદર્ભે તેમની મહેનતે તેમને ક્યાંથી ક્યાં સુધી પહોંચાડ્યા તે જાણવા માટે તેમનો રાલ્ફ ટર્નર સાથેનો સંબંધ જોવો પડે. યુનિવર્સિટી ઑફ લંડનની સ્કૂલ ઑફ ઓરિએન્ટલ સ્ટડીઝના ડિરેક્ટર રાલ્ફ ટર્નરનું નામ તેમણે પહેલી વાર સાંભળ્યું, જ્યારે તેઓ પ્રબોધ પંડિતને પહેલી વાર તેમના ઘરે મળ્યા. પ્રબોધ પંડિત શાંતિભાઈને એક પુસ્તક જોવા આપીને કાંઈક કામ કરવા ગયા. એ પુસ્તક એટલે ડૉ. રાલ્ફ ટર્નરસંપાદિત ‘નેપાળી ડિક્શનરી’. પ્રબોધ પંડિતે પૂછ્યું કે ‘પુસ્તક જોયું ?’ એટલે શાંતિભાઈએ નિખાલસપણે જવાબ આપ્યો કે ‘મને કંઈ સમજાયું નહીં, અંગ્રેજીમાં છે.’ વર્ષો પછી શાંતિભાઈએ ‘ચોધરી અને ચોધરી શબ્દાવલિ’ (૧૯૬૯) પુસ્તક ટર્નરને મોકલ્યું. પ્રત્યુત્તર રૂપે તેમને રાલ્ફ ટર્નરનો પત્ર મળ્યો. જેમાં તેમણે લખ્યું હતું કે ‘...adding material to the addenda to my Comprehensive Dictionary of the Indo-Aryan Languages.’ અર્થાત્, આ માહિતીનો ઉપયોગ ઇન્ડો-આર્યન ભાષાઓના વ્યાપક શબ્દકોશ માટેના પરિશિષ્ટમાં કરીશ - આ સ્તર હતું શાંતિભાઈની સંશોધનનિષ્ઠાનું, ભાષાઅભ્યાસનું, મહેનતનું.

તેમની ભાષાઅભ્યાસની કારકિર્દી ગૂજરાત વિદ્યાપીઠના કોશવિભાગથી શરૂ થઈ. ત્યારબાદ તેઓ ભાષાભવનમાં સંશોધક તરીકે જોડાયા. ત્યાર બાદ તેમણે ૧૯૬૪થી ગૂજરાત વિદ્યાપીઠના આદિવાસી સંશોધન કેન્દ્રના નિયામક તરીકે કાર્ય કર્યું. ૧૯૭૯માં તેઓ અમેરિકાના વરમોન્ટ રાજ્યમાં ‘School of International Training’માં ગુજરાતી ભાષા શીખવવા ગયા - જે તેમની આંતરરાષ્ટ્રીય ખ્યાતિનું પ્રતિબિંબ છે. તેમણે યુજીસીની લિંગ્વિસ્ટિક્સ કમિટીના સભ્ય તરીકે પણ સેવાઓ આપી.

તેમના સંશોધનકાર્યને નીચે મુજબ જોઈ શકાય :

સંશોધનકાર્યઃ

* હાલારી બોલી - ૧૯૬૯

કોશકાર્યઃ

* કચ્છી શબ્દાવલિ (૧૯૬૫), ભીલી ગુજરાતી શબ્દાવલિ (૧૯૬૫), ચોધરીઓ અને ચોધરી શબ્દાવલિ (૧૯૬૯), ભીલી ગુજરાતી શબ્દકોશ (૨૦૦૬)

બોલીઅભ્યાસઃ

* સેગ્મેન્ટલ ફોનિમ્સ ઑફ કચ્છી (૧૯૬૬), ગુજરાતી ભીલી વાતચીત (૧૯૬૭), ભાષાવિવેચન (૧૯૭૩), બોલીવિજ્ઞાનઃ કેટલાક પ્રશ્નો (૧૯૮૪), કચ્છી ગદ્ય (લોકકથા) અને તેમનું ભાષાવૈજ્ઞાનિક અધ્યયન (૧૯૮૭), સીદી-કચ્છી વાર્તાઓ (અને તેનું ભાષાવૈજ્ઞાનિક અધ્યયન) (૧૯૮૮), હેંડો વાત માંડીએ (૧૯૯૦), સાબરકાંઠાની ભીલી વાર્તાઓ (એક ભાષાગત સામાજિક વિશ્લેષણ) (૧૯૯૨), ઉત્તર ગુજરાતની ભાષાઃ સર્વેક્ષણ અને અભ્યાસ (૨૦૦૧), અમે બોલીઓ છીએ (૨૦૦૯)

લોકસાહિત્યઃ

* સંખેડા તાલુકાના તડવીઓમાં મંડાતી લવઘણાની વાર્તાઃ તેના પરિસરમાં (૧૯૯૧), આદિવાસી લોકસાહિત્ય (૨૦૦૧), દક્ષિણ ગુજરાતની કૂંકણી

વાર્તાઓ (૨૦૦૧), ગુજરાંનો અરેલોઃ એક તુલનાત્મક સમીક્ષા (૨૦૦૨) (બગડાવત લોકગાથાનું ભીલી રૂપાંતર) દેવ કનસરીની કથાઃ એક તુલનાત્મક સંશોધન (૨૦૦૩)

પ્રકીર્ણઃ

* ડૉ. પ્રબોધ પંડિત (૧૯૭૭), રુસી શીખીએ હોંશે હોંશે, બેડી ગામના સીદીઓ.

તેમણે પોશીનાપટ્ટા, મેઘરજ, પહાડપુર, નાંદોજ વગેરે જેવા વિવિધ વિસ્તારોની લોકકથાને આધારે જે-તે ભાષાસ્વરૂપનો અભ્યાસ કર્યો છે, જે ભાષાવિમર્શ જેવાં પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રકાશિત થયા છે.

તેમની સંશોધનપદ્ધતિમાં ક્ષેત્રકાર્ય, ભાષકવિશેષોની પસંદગી અને તુલનાત્મક અભ્યાસને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું હતું. જેના કારણે બોલીવિજ્ઞાનના અભ્યાસમાં તેમનું કાર્ય સીમાચિહ્ન બની ગયું છે.

તેમના લોકસાહિત્યના પ્રદાન સંદર્ભે ૨૦૧૪માં તેમને ઝવેરચંદ મેઘાણી પુરસ્કાર એનાયત થયો. ડૉ. શાંતિભાઈ આચાર્યના અવસાનથી ગુજરાતી ભાષાવિજ્ઞાન, બોલીવિજ્ઞાનને મોટી ખોટ પડી છે. તેઓ એક સંશોધક, શિક્ષક અને ભાષાના સાચા સેવક હતા. તેમનું કાર્ય, વિચારધારા અને સંશોધનપદ્ધતિ સંશોધકો માટે પ્રેરણારૂપ બની રહેશે...

(૧૭મા પાનાનું ચાલુ)

સોડમ વરતાય. આ બધું જ વ્યક્તિગત અભ્યાસ, રસ અને સર્જન-ક્ષમતાથી નીપજે. અર્થપ્રવાહ અને રસનિષ્પત્તિ એ સંશોધનનો આત્મા છે. કલાસર્જકની સાથે સાથે ભાવક અને ચિંતક પણ કલ્પનાવિહાર સમકક્ષ હકીકતને ગળે ઉતારીને પછી શબ્દોમાં સજાવે તે સંશોધક.

શોધક માત્ર ઉપલબ્ધ માહિતીનો ઉપયોગ કરે તે સંપાદન. સંશોધન એટલે જ સાધના. પ્રયાસ અને નીપજ તેનાં અગત્યનાં અંગો. સંશોધનકાર્ય સાહિત્યમાં પરિણમે તેમાં શોધકની કલ્પના ઉમેરાય, તારણો ટંકાય તો સોનામાં સુગંધ ભળે.

(૨૧મા પાનાનું ચાલુ)

અહીં ગરીબ માણસના સહજ જીવનને અને સમાજના ઉપલા વર્ગની દહલીજ ઉપર રડી ન શકવાની લાચારીને પણ બહુ ઓછા શબ્દોમાં વેધક રૂપે વ્યક્ત કરવામાં આવી છે.

આ હંગેરિયન વાર્તા વાંચતાં એક વિચાર એ પણ આવે છે કે, સમાજ શું બધે જ એકસરખો હશે ? મનુષ્યની ખૂબીઓ, ખામીઓ, વિચારસરણી અને વિટંબણાઓ બધું જ કેટલું વૈશ્વિક હોય છે ! કોઈ પણ જાતના શાબ્દિક આડંબર વગરની આ વાર્તાને પૂરી કર્યા પછી પણ ક્યાંય સુધી મનને એ પ્રશ્ન વીંધ્યા કરે છે કે, 'આખરે એ માણસ કેમ રડી રહ્યો હતો ?'

બાળકો અને મોબાઇલ : એક સમસ્યા

હર્ષ મેસવાણિયા

બાળકોના વધેલા સ્ક્રીનટાઇમ અંગે ઝાંસી યુનિવર્સિટીની મેડિકલ કૉલેજના બાળરોગ વિભાગના અધ્યક્ષ ઓમશંકર ચોરસિયાને ટાંકીને રજૂ થયેલા અહેવાલમાં જણાવ્યું છે કે ૫થી ૧૮ વર્ષનાં બાળકોનો સ્ક્રીનટાઇમ એક દિવસમાં પાંચ કલાકથી વધારે થઈ ગયો છે. બાળકો જેટલો સમય અભ્યાસમાં આપે છે એટલો જ સમય મોબાઇલમાં ગાળે છે, પરિણામે તેમની સ્મરણશક્તિમાં ઘટાડો થયો છે. મોબાઇલની આદત પડી જવાથી બાળકોની એકાગ્રતા પર ગંભીર અસર થઈ છે. ભારતનાં ૬૦૦ બાળકોનાં સૅમ્પલ સર્વેમાં એવું તારણ મળ્યું કે જે ૫૩ ટકા બાળકો મોબાઇલમાં પાંચ કલાક કે એનાથી વધારે સમય આપતાં હતાં, તેમાંથી ૩૯ ટકા બાળકોના વર્તનમાં દેખીતું પરિવર્તન જોવા મળ્યું હતું. આ બાળકોનો સ્વભાવ ચીડિયો થઈ ગયો હતો અને મેદાનમાં ખેલાતી રમતમાંથી તેમનો રસ સદંતર ઘટી ગયો હતો.

વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઇઝેશન કહે છે કે બાળકોને મોબાઇલ જોવાની લત લાગી રહી છે તેના કારણે બાળકોમાં શારીરિક-માનસિક બીમારીઓનું જોખમ પણ વધ્યું છે. અગાઉ ઇન્ટરનેશનલ ચાઇલ્ડ ન્યુરોલૉજી ઍસોસિયેશનના રિપોર્ટમાં કહેવાયું હતું કે બાળકોમાં મોબાઇલની લત લાગવાના કારણે માનસિક બીમારીનો ખતરો બમણો થયો છે. તે સિવાય સ્થૂળતા અને ટાઇપ-૨ ડાયાબિટીસની શક્યતા પણ અનેકગણી વધી ગઈ છે. આ ઉપરાંત ચશ્માંના નંબર વધી જવા કે આંખોમાં બળતરા સહિતની ફરિયાદો ઊઠી છે.

વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઇઝેશન કહે છે એમ હજારો બાળકો પર મોબાઇલના કારણે ઑટિઝમનું જોખમ મંડરાઈ રહ્યું છે. વયસ્કોનું મગજ સંપૂર્ણપણે વિકસિત થઈ ચૂક્યું હોવા છતાં સતત મોબાઇલના ઉપયોગથી તેમને પણ માનસિક બીમારીનું જોખમ હોય, ત્યારે ઓછા વિકસિત મગજના કારણે બાળકોને તો ખૂબ જ લાંબા ગાળાની અસરો થાય છે. જુદા જુદા અહેવાલોમાં કહેવાયું છે અને બાળકોના નિષ્ણાત તબીબો પણ ચેતવણી આપી રહ્યા છે કે મોબાઇલ સ્ક્રીનના કારણે બાળકોને પૂરતી ઊંઘ આવતી નથી. માથાનો દુખાવો વધ્યો છે અને તણાવ પણ વધતો જાય છે. ૧થી ૧૫ વર્ષનાં બાળકોને મોબાઇલ, લૅપટૉપ, ટીવી, ટેબની સ્ક્રીનથી શક્ય એટલાં દૂર રાખવાની ભલામણ વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઇઝેશન કરે છે.

અહીં સવાલ એ છે કે બાળકોને ખરેખર મોબાઇલ કેટલાં વર્ષે આપવો જોઈએ?

એના એકથી વધુ જવાબો છે. અમેરિકન ઉદ્યોગપતિ બિલ ગેટ્સે તેમનાં સંતાનોના અનુભવના આધારે કહ્યું છે કે બાળકોને ૧૪ વર્ષ સુધી મોબાઇલથી સદંતર દૂર રાખવાં જોઈએ. બિલ ગેટ્સે ૧૪ વર્ષ સુધી તેમનાં ત્રણેય સંતાનોને પોતાનો મોબાઇલ રાખવાની પરવાનગી આપી ન હતી. એ પહેલાં આઠ વર્ષ પછી માત્ર જરૂરી લાગે ત્યારે ફોન આપવાનું રાખ્યું હતું. હોમવર્ક માટે કે જ્ઞાનપ્રાપ્તિ માટે જો મોબાઇલની જરૂર જણાય

તો અમુક નક્કી કરેલા સ્ક્રીનટાઇમ સુધી મોબાઇલ આપવાનું રાખ્યું હતું. બિલ ગેટ્સ ભલામણ કરે છે કે સપ્તાહમાં ચોક્કસ કલાકો નક્કી કરીને એનાથી વધારે સ્ક્રીનટાઇમ ન થાય એની ખાસ તકેદારી રાખવી જોઈએ.

'કિડ્સ ઍન્ડ ટેક - ધ ઈવોલ્યૂશન ઑફ ટુડેઝ ડિજિટલ નેટિવ્સ'ના શીર્ષકથી પ્રસિદ્ધ થયેલા એક અહેવાલમાં અભ્યાસના આધારે કહેવાયું હતું કે ૧૦.૩ વર્ષ પછી જ બાળકોને જરૂર પડે એટલો સમય મોબાઇલનો વપરાશ કરવાની છૂટ આપવી જોઈએ. તેમને મોબાઇલ રાખવાની પરવાનગી ૧૫ વર્ષ સુધી આપવી ન જોઈએ.

વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઇઝેશને એવી કોઈ ભલામણ કરી નથી કે કેટલાં વર્ષે બાળકોને મોબાઇલ આપવો જોઈએ, પરંતુ ઘણા દેશોએ આ બાબતે સ્પષ્ટતા કરી છે. ઑસ્ટ્રેલિયામાં ૧૬ વર્ષની વયે જ મોબાઇલની પરવાનગી મળી છે. અભ્યાસના હેતુથી પેરેન્ટિંગ કંટ્રોલ ફીચર સાથે મોબાઇલ આપવો જોઈએ અને એ પણ દિવસમાં બે કલાકથી વધુ નહીં. તાજેતરમાં ઑસ્ટ્રેલિયામાં કોઈ પણ બાળકનું સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ ૧૬ વર્ષ પહેલાં ખૂલે નહીં તેવી પણ ખાસ જોગવાઈ કરવામાં આવી છે.

સ્વીડનની પબ્લિક હેલ્થ ઑથૉરિટીએ ભલામણ કરી છે એ પ્રમાણે બાળકોને બે વર્ષ પહેલાં તો મોબાઇલની સ્ક્રીનથી દૂર જ રાખવાં જોઈએ. ત્રણ વર્ષનાં બાળકોને કેળવણીને લગતા વીડિયો બતાવવા હોય તોપણ એનો સમયગાળો દિવસમાં એક કલાકથી વધુ ન થાય એ હિતાવહ છે. સ્વીડનના નિષ્ણાતોએ બાળકોની માનસિકતાનો, સ્વાસ્થ્યનો અને મોબાઇલના કારણે થઈ રહેલા ફેરફારનો અભ્યાસ કર્યા પછી એવું તારણ આપ્યું છે કે ૩થી ૯ વર્ષનાં બાળકોનો સ્ક્રીનટાઇમ દોઢ કલાક, ૧૦થી ૧૩ વર્ષનાં બાળકોનો સ્ક્રીનટાઇમ વધુમાં વધુ બે કલાક અને ૧૩થી ૧૭ વર્ષ સુધી ત્રણ કલાકનો જ સ્ક્રીનટાઇમ હોય એ બાળકો માટે યોગ્ય છે. ન્યૂઝીલૅન્ડના સ્વાસ્થ્ય વિભાગે ૧૨ વર્ષ સુધી બાળકોને એક કલાકથી વધુ મોબાઇલ ન આપવાની સલાહ આપી હતી. ફ્રાન્સમાં ત્રણ વર્ષ સુધી બાળકોને મોબાઇલના સંપર્કથી દૂર રાખવાની ભલામણ પ્રમુખ

ઈમાન્યુઅલ મેક્રોને કરી હતી. અમેરિકામાં પણ અમુક રાજ્યોમાં ૧૮ માસ પહેલાં બાળકોને મોબાઈલથી દૂર રાખવાની ભલામણ થાય છે.

નિષ્ણાતો તો ત્યાં સુધી કહે છે કે બાળકોને શિક્ષણના હેતુથી પણ મોબાઈલ બતાવવો ન જોઈએ, કારણ કે તેનાથી તેમના વિકાસમાં કોઈ જ ફરક પડતો નથી. એટલું જ નહીં, ૨થી ૪ વર્ષનાં બાળકોનો સ્ક્રીનટાઈમ તો દિવસમાં ચાર-પાંચ કલાક હોય તો તેમનામાં જોઈએ એવી કૉમ્યુનિકેશનની કળા વિકસતી નથી. વળી, પ્રશ્નોનું નિરાકરણ લાવવાની ક્ષમતા પર પણ અસર પહોંચે છે.

યુનેસ્કોનો અહેવાલ જણાવે છે કે મોબાઈલથી શિક્ષણ લેતાં બાળકોમાં ધીરજનો અભાવ ઊડીને આંખે વળગે છે. નોટિફિકેશન્સ અને રીલ્સના કારણે બાળકોના દિમાગમાં ઝડપથી ભાવપલટો થાય છે અને તેની સીધી અસર શિક્ષણ પર પડે છે.

આપણે ત્યાં આજે સ્થિતિ એવી છે કે થોડાં મોટાં થયેલાં બાળકો જાતે માતા-પિતાનો ફોન લઈને મચડવા બેસી જાય છે, એનાથીય ગંભીર બાબત તો એ છે કે બે-ત્રણ વર્ષનાં બાળકો પણ મોબાઈલ વગર જમતાં નથી. મોબાઈલ જોવાની જીદ કરે છે, મોબાઈલ માટે રડે છે. મોબાઈલથી બાળકોના માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર ખતરો સર્જાય છે એ ઘણાં માતા-પિતા સમજતાં નથી.

વ્યસ્ત માતા-પિતા તો પોતાના બાળકને શાંત રાખવા માટે સામે ચાલીને હાથમાં મોબાઈલ આપી દે છે. તેનાથી બાળક શાંત થઈ જાય છે અને તોફાનમાંથી માતા-પિતાને તત્કાળ મુક્તિ મળે છે એ ખરું. જોકે, લાંબા ગાળે એમાં બાળકનું અહિત થાય છે. બાળક એકલવાયું બની જાય છે, તેમનામાં વિવિધ પ્રકારનાં કૌશલ્ય વિકસતાં નથી એટલે બહુ નાની વયથી મોબાઈલની આદત પડી જાય તો બાળકનો સર્વાંગી વિકાસ અટકી જાય છે.

મહારાષ્ટ્રનું જેતવન

હેમંત વાળા

વર્ષ ૨૦૧૬માં મહારાષ્ટ્રના સાખરવાડીમાં સ્થપતિ 'સમીપ પાડોરા ઍન્ડ ઍસોશિએટ્સ' દ્વારા નિર્ધારિત કરાયેલ ૧,૪૦૦ ચો.મી.ની આ એક ઉલ્લેખનીય રચના છે. સાંપ્રત સમયમાં દરેક અર્વાચીન મકાન માટે સ્થપતિ દ્વારા પર્યાવરણની જાળવણી અને ઊર્જાની બચતને લગતા જે મોટા મોટા દાવા કરાય છે તેની સામે અહીં હકીકતમાં પર્યાવરણ અને ઊર્જા બાબતે સાર્થક સંવેદનશીલતા રાખીને મકાન નિર્ધારિત કરાયું છે. આ બધાં સાથે વરસાદના પાણીનો સુંદર તેમજ યોગ્ય ઉપયોગનો ઉલ્લેખ પણ જરૂરી છે. આ રચના પાછળનો મૂળ હેતુ આધ્યાત્મિક ઉન્નતિ સાથે કૌશલ્યના વિકાસનો પણ છે. અહીં આ બંને ભિન્ન જણાતી પ્રવૃત્તિઓને સરસ રીતે એકબીજા સાથે સાંકળીને સ્થાપત્યનું નિર્ધારણ થયું છે. કહેવાય છે કે આ જેતવન મઠની રચના દ્વારા અહીંના પ્રાદેશિક સ્થાપત્યના ભવિષ્ય માટે એક નમૂનારૂપ રચના કરવાનો ઇરાદો હતો, જે મહદ્અંશે સફળ થયો હોય તેમ કહી શકાય.

જેતવન એ બૌદ્ધ ધર્મમાં એક મહત્ત્વનું સ્થાન ગણાય છે, જેનો અર્થ થાય છે જેતનું જંગલ, એટલે કે એક મઠની સ્થાપના માટે સંઘને 'જંગલ જેવા વિસ્તારમાં' દાનમાં આપેલી જમીન. મજાની વાત એ છે કે આ રચનાને જોતાં એમ અનુભવી શકાય કે ખરેખર આ જંગલને અનુરૂપ, જંગલના પર્યાવરણને અનુલક્ષીને, જંગલના માહોલ માટે જ બનાવાયેલ કુટીર છે. જંગલના આત્મા સમાન વૃક્ષને નુકસાન ન પહોંચે તે માટે અહીં મકાનની જરૂરિયાતને છ ભાગમાં વિભાજિત કરી તે મુજબ પ્લાનિંગ કરાયું છે. આમ કરવાથી હયાત વૃક્ષની જાળવણી શક્ય બની છે. એક વાર એમ જણાય કે આ બધાં વૃક્ષની આજુબાજુ પ્રાપ્ય જગ્યા અનુસાર મકાનો ઊગી નીકળ્યાં છે. આ બધાં મકાનોને - વિભાગોને એકબીજા સાથે વરંડા, ખુલ્લી જગ્યાઓ તથા પ્રવેશ-સ્થાન દ્વારા સાંકળી લેવામાં આવ્યાં છે. આ પ્રકારનાં અર્ધ-ખુલ્લી જગ્યાઓના અસરકારક ઉપયોગ થકી સમગ્ર રચનાનું કુદરત સાથેનું જોડાણ સ્વાભાવિક અને સરળ બને છે અને સાથે સાથે એક પ્રકારની પારદર્શિતા ઊભરે છે.

અહીં ઢળતાં છાપરાંનો રચનાત્મક ઉપયોગ જોવા મળે છે. છાપરાંના ઢાળથી મકાનની અંદરની જગ્યાએ એક પ્રકારની નાટકીયતા ઊભી થાય છે, મકાનની અંદરની જગ્યાઓએ રસપ્રદ વિવિધતા સર્જાય છે અને જે તે ઓરડાનો ચોક્કસ દિશા તથા બહારની કુદરતી પરિસ્થિતિ સાથેનો સંબંધ વધુ દૃઢ થાય છે. સામાન્ય રીતે ઢળતાં છાપરાંનો ઢાળ બહારની તરફ હોય, પણ અહીં તેનાથી વિપરીત ગોઠવણ છે, જેને કારણે મકાનની બહિર્મુખતા પ્રખરતાથી ઊભરી આવે છે. એક અભિપ્રાય પ્રમાણે, આ પ્રકારની રચનાથી, આ મકાન ઊડવા માટે તૈયાર હોય તેવા પતંગિયા સમાન જણાય છે. મકાન જે રીતે હલકુંફૂલકું લાગે છે તેનાથી આવી કલ્પના કરી પણ શકાય. આ મકાનની રચનામાં જે તકનીક વાપરવામાં આવી છે તે મહદ્અંશે ગુજરાતના ભુજસ્થિત હુન્નરશાળામાં વિકસાવવામાં આવી હતી.

આ મકાનની રચનામાં હવાની કુદરતી અવરજવર તથા કુદરતી પ્રકાશને ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું છે. તે માટે મકાનનાં ઢળતાં છાપરાંને વ્યવસ્થિત રીતે દીવાલથી અલગ કરી દેવાયાં છે. પરંપરાગત બાંધકામશૈલી અને તેના દ્વારા સ્થાપિત થતો પરંપરા સાથેનો દૃઢ સંપર્ક, સ્થાનિક હુન્નર તેમજ તકનીકનો કરાયેલ સર્જનાત્મક ઉપયોગ, મજબૂત દૃઢ તથા સૉલિડ જણાતી પથ્થરની ભારવાહક દીવાલો ઉપર ગોઠવવામાં આવેલ હળવી માળખાકીય રચના, શક્ય હોય ત્યાં સુધી વેસ્ટ તરીકે મળેલી સામગ્રીનો અસરકારક ઉપયોગ, કુદરતી પરિસ્થિતિ સાથે સંવાદ સ્થાપી શકે તે મુજબનું પ્રમાણમાપ, આંતરિક અને બાહ્ય જગ્યાઓ વચ્ચે પરસ્પરનો અર્થપૂર્ણ તાલમેલ, આત્મીયતા સ્થાપિત થઈ શકે તેવો સર્જાયેલો સ્થાપત્યકીય માહોલ, પરંપરાગત બૌદ્ધ મઠની મૂળભૂત ધારણાના સિદ્ધાંતોનું અનુકરણ કર્યા પછી તેની સાથે વણાયેલી કેટલીક આધુનિક બાબતો, સમગ્ર મકાનમાં અનુભવાતી મોકળાશ, બિનજરૂરી બાબતોનો સંપૂર્ણતામાં ઉડાવી દેવામાં આવેલો છેદ અને તે બધાં સાથે પરંપરામાં વ્યક્ત કરાયેલો વિશ્વાસ - આ બધી આ રચનાની કેટલીક ખાસિયતો છે.

બાંધકામની સામગ્રીના મૂળભૂત સૌંદર્યનું અસરકારક આયોજન, મકાનનાં વિવિધ અંગોની ડિટેલિંગમાં પણ સ્થાપિત કરાયેલું રસપ્રદ સૌંદર્ય, આધુનિકતાવાદી સૌંદર્યની પરિભાષાથી મળેલી મુક્તિ, સ્થાનિક કારીગરોનાં કૌશલ્ય પ્રમાણે નિર્ધારિત કરાયેલ કેટલુંક વિગતીકરણ, જે તે સપાટીને જેમની તેમ ખુલ્લી અને અધૂરી જણાય તે રીતે રાખવાનો અભિગમ, કૉન્ક્રીટની ગટર પર ટેકવાયેલ લાકડાની માળખાકીય રચનાથી અનુભવાતું ડાયનેમિક્સ, છતાં પણ સમગ્રતામાં ઉદ્ભવતી સ્થિરતા, સંસ્થાનાં જુદાં જુદાં મકાનોને પરસ્પર એક કોર્ટયાર્ડની આસપાસ ગોઠવી સ્થાપિત કરાયેલું કેન્દ્ર, કોઈ પણ પરિસ્થિતિને ઢાંકી દેવાની કે છુપાવી દેવાની સ્થાપત્યકીય ચેષ્ટાનો અસ્વીકાર, પરંપરાગત માટી તથા છાણના લીંપણથી તૈયાર થયેલ કીટાણુનાશક કહી શકાય તેવી ફરસ, જેવી બાબતોનો પણ આ મકાનના વર્ણનમાં સમાવેશ કરી શકાય.

આ સમગ્ર રચનામાં એક પ્રકારની પ્રામાણિકતા પ્રતીત થાય છે. આ સાથે અહીં એક પ્રકારની શાંતિની અનુભૂતિ પણ થઈ શકે તેમ છે. આ એક એવી રચના છે કે જેની સાથે કોઈ પણ માનવી સરળતાથી સંબંધ બાંધી શકે. એક દૃષ્ટિકોણ પ્રમાણે આ નિર્દોષ કુદરતી અર્થપૂર્ણ રચના છે. અહીં દરેક વ્યક્તિને પોતાનું સ્થાન મળી રહે છે. અહીં દરેક વ્યક્તિને મકાન પોતાની અંદર સમાવી લે છે. અર્વાચીન સ્થાપત્ય માટે આ મકાન દ્વારા એક સારી દિશા સૂચિત થાય છે. સાંપ્રત સમયે મકાનોમાં જે ઘોંઘાટ અને દંભ જોવા મળે છે તેનો અહીં સદંતર અભાવ છે.

વિશ્વવ્યાપી વેબસાઇટ ગુજરાતી લૅક્સિકન(www.gujaratilexicon.com)**ની એક નવી સિદ્ધિ**

૩૫,૦૦૦ શબ્દો ધરાવતો સંસ્કૃત–ગુજરાતી શબ્દકોશ હવે ઑનલાઇન પ્રાપ્ત થશે

મૂળ સંસ્કૃત શબ્દ, એનો ગુજરાતી અર્થ અને એના વ્યાકરણનો પ્રકાર ધરાવતો આ શબ્દકોશ સંસ્કૃત ભાષાના અભ્યાસીઓને આશીર્વાદરૂપ બનશે.

●

અત્યાર સુધીમાં સાડા પાંચ કરોડથી વધુ લોકોએ જોયેલી,
પીસ્તાળીસ લાખ શબ્દ ધરાવતી,
દૈનિક પાંચ હજારથી વધુ લોકો જેની મુલાકાત લે છે અને
ભારત ઉપરાંત વિશ્વના અનેક દેશોમાં અભ્યાસીઓ દ્વારા
લૅક્સિકનનો ઉપયોગ થાય છે.

અહીં પ્રાપ્ત થશે અંગ્રેજી - ગુજરાતી શબ્દકોશ (૬૪,૦૦૦થી વધુ શબ્દો), ગુજરાતી - અંગ્રેજી શબ્દકોશ (૪૮,૦૦૦થી વધુ શબ્દો), ગુજરાતી - ગુજરાતી શબ્દકોશ (સાર્થ જોડણીકોશ, બૃહદ જોડણીકોશ અને ભગવદ્ગોમંડલ સહિત) (૪,૩૨,૦૦૦થી વધુ શબ્દો), હિન્દી - ગુજરાતી શબ્દકોશ (૩૭,૫૦૦થી વધુ શબ્દો), મરાઠી - ગુજરાતી શબ્દકોશ (૨૭,૫૦૦થી વધુ શબ્દો), સંસ્કૃત - ગુજરાતી શબ્દકોશ (૩૫,૦૦૦થી વધુ શબ્દો)

આ ઉપરાંત ગુજરાતી લૅક્સિકન વેબસાઈટ ઉપર તમે વિવિધ શબ્દકોશો, કહેવતો અને રૂઢિપ્રયોગ, વિરુદ્ધાર્થ શબ્દો વગેરે જેવી વિગતો માણી શકો છો.

Android : https://play.google.com/store/apps/dev?id=8361835744909835495

iOS : https://apps.apple.com/us/developer/arnion-technologies-private-limited/id660611788

Desktop App : https://www.gujaratilexicon.com/downloads/

આગામી કાર્યક્રમો

શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

(ઑનલાઇન કાર્યક્રમ)

◈ **૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : સંતોની સૃષ્ટિ-૨
વક્તા : શ્રી દલપત પઢિયાર

(ઑફલાઇન કાર્યક્રમો)

◈ **૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૫, શનિવાર : સાંજના ૫-૩૦**
વિષય : લા મિઝરેબલ (સમય : ૨ કલાક ૩૭ મિનિટ)
વક્તા : શ્રી અમિતાભ મડિયા

માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

◈ **૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫, ગુરુવાર : સાંજના ૫-૦૦**
વિષય : અનુસ્વાર
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

◈ **૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫, ગુરુવાર : સાંજના ૫-૦૦**
વિષય : શબ્દો ભેગા-છૂટા લખવા વિશે...
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

રસિકલાલ છો. પરીખ વ્યાખ્યાનમાળા

◈ **૬ સપ્ટેમ્બર, ૨૦૨૫, શનિવાર : સાંજના ૫-૩૦**
વિષય : પૉર્ટ્રેટ (વ્યક્તિચિત્ર) કલાકારની દૃષ્ટિએ : આધુનિકથી આજ સુધી
વક્તા : શ્રી અનિલ રેલિયા

શ્રી યશવંત દોશી સ્મૃતિ-વ્યાખ્યાનશ્રેણી

◈ **૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : કાશ્મીરમાં આપણે
વક્તા : શ્રી સંજય-તુલા

વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર

◈ **૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫, શુક્રવાર : સાંજના ૫-૩૦**
વિષય : ગઝલના ગહન વિશ્વની યાત્રા
વક્તા : શ્રી જવાહર બક્ષી

શ્રી હેમચંદ્રાચાર્ય ચંદ્રક અર્પણ સમારોહ

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય નવમ જન્મશતાબ્દી સ્મૃતિ સંસ્કાર શિક્ષણનિધિ, અમદાવાદ તરફથી ડૉ. પ્રવીણચંદ્ર સી. પરીખને આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિજીની નિશ્રામાં શ્રી હેમચંદ્રાચાર્ય ચંદ્રક ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૫, રવિવારે સવારે ૯-૩૦ શ્રી હઠીભાઈની વાડી(શાહીબાગ)માં એનાયત થશે.

આસ્વાદ

◈ ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૫, શનિવાર : સવારે ૧૦-૦૦

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં 'ફિલ્મનિર્માણ : કલા અને કૌશલ્ય' વિશે વિખ્યાત ગુજરાતી ફિલ્મ નિર્દેશક અને નિર્માત્રી સુશ્રી અદિતિ ઠાકોર વક્તવ્ય આપશે.

આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી ચંદ્રક અર્પણ સમારોહ

◈ ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૫, રવિવાર : સવારના ૧૦-૦૦

આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિજીની નિશ્રામાં આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી ચંદ્રક મધ્યકાલીન સાહિત્યના સંશોધક શ્રી અભય દોશીને અર્પણ કરવામાં આવશે.

વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમતગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. જો તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481

Bank Name : Bank Of Baroda, Usmanpura Branch

IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

વિશ્વકોશની સામયિક-સૃષ્ટિ



છેલ્લાં ૨૫ વર્ષથી સાહિત્ય, સંગીત, સ્થાપત્ય, પ્રવાસ, હાસ્ય, વિજ્ઞાન, ટેક્નોલોજી, કલા, પ્રતિભા, સાંપ્રત પ્રવાહો તેમજ વર્તમાન સમયના પ્રચલિત વિષયોને તજ્જ્ઞો દ્વારા પ્રસ્તુત કરતું વિશ્વકોશનું સામયિક.

વિશ્વવિહાર

વાર્ષિક લવાજમ : રૂ. ૧૫૦/-,
ત્રણ વર્ષ : રૂ. ૪૦૦/-

૧૯૮૮થી દેશ અને વિદેશના સર્જકોની સાહિત્યકૃતિ પ્રગટ કરનારું અને ગુજરાતીભાષી પ્રજાની વૈશ્વિક ચાહના મેળવનારું શિષ્ટ અને સંસ્કારી સાહિત્યનું ત્રૈમાસિક.



ગુર્જરી ડાયજેસ્ટ

ત્રણ વર્ષનું લવાજમ :
રૂ. ૫૦૦/-



પ્રસિદ્ધ લેખિકા ધીરુબહેન પટેલની ભાવનાને અનુલક્ષીને પ્રગટ થતું, નારી સર્જકતાને સંકોરતું સાહિત્ય, જ્ઞાન અને કળાનું વિશિષ્ટ ત્રૈમાસિક.

વિશ્વા

વાર્ષિક લવાજમ : રૂ. ૨૦૦/-

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/04459. postal Regd. No. GAMC-1375/2024-26 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2026. License to post without Prepayment No. PMG/NG/111/2024-2026. valid upto 31/12/2026. Posted at Ahd PSO On 5th every month.

માતૃભાષા ગુજરાતીનું ગૌરવગાન હવે ઑનલાઇન પર ઉપલબ્ધ

- ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ એકમાત્ર સચિત્ર વિશ્વકોશ (એન્સાઇક્લોપીડિયા)
- એક હજાર પૃષ્ઠનો એક એવા છવ્વીસ ગ્રંથોમાં આવેલા ૨૪,૦૦૦થી વધુ લેખો https://gujarativishwakosh.org પર જોઈ શકાશે. દર મહિને પોણા બે લાખથી વધુ લોકો દ્વારા લેવાતી મુલાકાત
- ૪૫ લાખથી વધુ શબ્દો ધરાવતો ઑનલાઇન શબ્દકોશ ગુજરાતી લૅક્સિકન https://gujaratilexicon.com પર જોઈ શકાશે. જેની દર મહિને દોઢ લાખથી વધુ લોકો દ્વારા લેવાતી મુલાકાત
- ‘વિશ્વકોશ તમારે આંગણે’ દ્વારા રોજેરોજ વૉટ્સએપ ઉપર પ્રસ્તુત થતી માહિતીપ્રદ અને વિચારપ્રેરક સામગ્રી
- વિશ્વની ગતિવિધિ આલેખતું સામયિક ‘વિશ્વવિહાર’ – ઓડિયો મૅગેઝિન રૂપે ઉપલબ્ધ જેના મૂલ્યવાન લેખો યૂટ્યૂબ ઉપર સાંભળી શકાશે.
- વિશ્વકોશમાં યોજાતાં અનેકવિધ પ્રવચનો યૂટ્યૂબ ઉપર પ્રાપ્ત
- દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે બાળકોને ગમતી બાળવાર્તા અને બાળગીતની રજૂઆત

Gujarat Vishvakosh Trust

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

9898042699

Gujarat Vishvakosh

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪